# અધ્યાત્મ



વર્ષ : ૨૦ ઓક્ટોબર–૧૯૯૮ અંક : ૧

## વિરોધાભાસી વાતાવરણમાં મનની સ્થિરતા

આ વિષયો એવા છે સંસારના, પવનો એવા છે કે જે આપણને આધીન નથી. ન જોવું હોય તો પણ જોવું પડશે, નહીં સાંભળવું હોય તો ય સાંભળવું પડશે, નહીં અડવું હોય તો ય અડવું પડશે, નહીં ખાવું હોય તો ય ખાવું પડશે. અરે! નહીં બેસવું હોય તેવી જગ્યામાં બેસવું ય પડશે. બોલો, શું કરશો? અત્યારે એવો સમય છે, પણ એ બધાયને ગ્રહણ કેવી રીતે કરવું, એનો પ્રતિભાવ કેવો પેદા કરવો તે આપણા હાથની વાત છે. તમે જુઓ પણ પ્રભુના રૂપને જ જુઓને; ભોજન કરો પણ પ્રભુનો પ્રસાદ માનીને જમોને. જે આદર્શ યોગી હોય, વિચારશીલ યોગી કે ભગવાનનો ભક્ત હોય, ભગવાન તેની રક્ષા કરીને સન્મતિ આપે. સાધના કરે એને એવી શક્તિ મળે. એટલે યોગી સંસારમાં રહેતો હોય, ધ્યાન ધરતો હોય, પ્રલોભનો અનેક પ્રકારનાં હોય, વિરોધાભાસી વાયુમંડળમાં વસવાનું હોય, છતાં પણ દીવાની જ્યોતિ જેમ સ્થિર હોય, એમ એની મનોવૃત્તિ સ્થિર જ રહે, જરાય ડગમગાય જ નહીં.

યોગેશ્વરજી

○

"જય જય જય જ્યોતિર્મયી માતા વંદુ માત ભવાની."



મહાત્મા શ્રી યોગેશ્વરજી અને એમનાં પૂ. માતાજી જ્યોતિર્મયી

નિર્વાણ : ૪-૧૦-૮૦ ભાવનગર

## * ભજન *

પેલો સર્વેશ્વરીનો નાથ રે,
ધરે શક્તિ અખંડ અમાપ.

દિવસે સૂર્યસ્વરૂપ સજીને,
મધરાતે એ ચંદ્ર બનીને,
કરે રક્ષા, એ તો દિનરાત રે.

તુંબી પોલી કડવી હતી જે,
મધુર રસથી છલકાતી એ,
ચંદ્રરૂપે રેલાતો નાથ રે.

વેરાન હતી જીવન ધરતી,
હરીયાળી જેણે ક્ષણમાં કીધી,
બન્યો એ જ વળી ઋતુરાજ રે.

પાષાણસમી જિંદગીમાંહી,
શીતલ સરવાણી પ્રગટાવી,
બન્યો પોતે જ તીર્થસ્વરૂપ રે.

સર્વેશ્વરીમાં એ ઝળહળતો,
પળપળ વહેતો ત્યાં જ એ ઠરતો,
પરખી લો ઊઘાડી આંખ રે.

— મા સર્વેશ્વરી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૫–૦૦

વિદેશમાં રૂ. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).**
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન **૫૬૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| અમૃતપળોનો આસ્વાદ–૨ (બી) | ગોરધનભાઇ કલોલા | ૧૧ |
| યાચના | ડો. રણજિત પટેલ (અનામી) | ૧૭ |
| યોગેશ્વરજીનું આત્મનિવેદન | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૧૮ |
| માતાજી કૃષ્ણાબાઇ | શ્રી ધીરજબેન નાણાવટી | ૧૯ |
| ખૂલ્યો ખજાનો પરમાત્માનો–૧ | ડો. બી. જે. જાગાણી | ૩૧ |
| સ્વામી ભૂતેશાનંદ શ્રીરામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં | યશસ્વીભાઇ ય. મહેતા | ૩૬ |
| મા સર્વેશ્વરીતીર્થનો પાટોત્સવ | તંત્રી | ૪૨ |
| ભાગવતના આધારે ભગવાનની આરાધના | નાનાભાઇ ભટ્ટ | ૪૪ |
| શ્રી ઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૯ |


# * નૂતન વર્ષાભિનંદન *

તા. ૨૧–૧૦–૯૮ ના રોજ વિક્રમ સંવત્ ૨૦૫૫ નો પ્રારંભ થાય છે. તે પહેલાં દીપાવલીના મંગલ તહેવારો શરૂ થશે. એટલે અમે–અધ્યાત્મના સર્વ ગ્રાહકો, વાંચકો અને શુભેચ્છકોને Happy Diwali and New year. ઇચ્છીએ છીએ. સંભવ છે કે દીવાળીના તહેવારોમાં પોસ્ટના ભરાવાને લીધે ઓક્ટો. ૯૮ નો આ અંક તમને મોડો મળે તો ક્ષમા કરશો.

અધ્યાત્મ તેના અસ્તિત્વનાં ૧૯ વર્ષ પૂરા કરી ૨૦ મા વર્ષમાં પ્રવેશ કરે છે. તેના અસ્તિત્વને ટકાવવામાં જે જે લોકોએ સીધો કે આડકતરો ફાળો આપ્યો છે તે સહુના અમે ઋણી છીએ. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની કૃપા અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રત્યક્ષ સહાય અને માર્ગદર્શન વગર આ અધ્યાત્મ માટે આટલી મઝલ કાપવી મુશ્કેલ બની રહેત.

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસનો ફાળો પણ અમારા માટે નાનોસૂનો નથી રહ્યો, તેથી તેના માલિકો અને માણસો-નાય અમે આભારી છીએ.

નવું વર્ષ સહુને ખૂબ ખૂબ સમૃદ્ધિ સાથે શાંતિ લાવ-નારું નીવડો એ જ પ્રાર્થના.

— તંત્રી

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

–મા સર્વેશ્વરી

વર્ષ : ૨૦ ઓક્ટોબર–૧૯૯૮ અંક : ૧


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૮–૬–૮૧, રવિવાર, જેઠ વદ અગિયારસ, ૨૦૩૭**

**સ્થળ : ૧૦/એ. અંબિકા વિશ્રામગૃહ, બસસ્ટેન્ડ પાસે, અંબાજી.**

સર્વેશ્વરી આઠથી દસ બહાર ઊંચી ટેકરી પર જઈને જપ–પ્રાર્થના કરે છે. સવારે વરસાદી વાતાવરણ હોઈ થોડી વાર જ બેસવાનું બને છે. પણ આઠથી દસ માર્ગમાં પણ મૌન જ ચાલુ રહે છે. આજે અંબાજીના મંદિરમાં પણ દર્શન માટે ગયા. નાળિયેર લીધું. અંબાજીની મૂર્તિ પાસે ધરાવી તેને મંદિરના નીચેના પથ્થર પર વધેરે છે. પણ શ્રી કલ્યાણને શ્રી વિજયભાઈએ તે નાળિયેર પૂ. શ્રીના શ્રી ચરણે જ વધેરીને પ્રસાદ લઈશું એમ વિચાર્યું.

સમયસર વિશ્રામગૃહ આવી જવાનું બને છે.

આ અંબિકા વિશ્રામગૃહમાં પીવાનું પાણી ટાંકીમાંથી મળે છે.



પણ તે યોગ્ય ન લાગતાં કૂવામાંથી પીવાનું પાણી શ્રી વિજયભાઈ દરરોજ લઈ આવે છે.

પૂ. શ્રી સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, જપમાંથી નિવૃત્ત થઈ લેખનકાર્યમાં તલ્લીન બનીને પલંગ પર બેઠેલા જણાય છે. ૧૧ ને ૧૦ મિનિટ સુધી લેખનકાર્ય ચાલુ રહે છે. સમય થતાં દ્વાર ખોલવામાં આવે છે.

શ્રી વિજયભાઈ ને શ્રી કલ્યાણ અંદર આવી પ્રણામ કરી બેસે છે. પૂ. શ્રી દરરોજની જેમ શું કર્યું? તે પૂછે છે.

સર્વેશ્વરી જણાવે છે કે તેઓ નાળિયેર આપના શ્રી ચરણે વધેરવા ઈચ્છે છે.

પૂ. શ્રીએ વિરોધ દર્શાવતાં કહ્યું, 'નાળિયેર કોઈ જીવંત વ્યક્તિ સામે વધેરો તો તે વ્યક્તિનું અપમાન ગણાય છે. નાળિયેર મૂર્તિ પાસે જ વધેરાય. હા. જીવંત વ્યક્તિને પ્રસાદરૂપે ધરાવાય પણ વધેરાય નહીં.'

આ નાળિયેર પાલનપુર લઈ જજો. ત્યાં સૌને પ્રસાદ આપજો.

શ્રી વિજયભાઈ તથા શ્રી કલ્યાણ એ વાતને મૌન રાખી સ્વીકારી લે છે.

આજે અગિયારસ હોવાથી પૂ. શ્રી બહાર ભોજન માટે જતા નથી. કેરી, સીંગદાણા, દૂધનો માવો વગેરે લે છે. ત્યારબાદ પેપર ગુજરાત સમાચાર જે કલ્યાણ લાવ્યા છે તે પૂ. શ્રી વાંચી લે છે.

થોડો આરામ કરી લગભગ ૧ કલાક પૂ. શ્રી ધ્યાનમાં બેસે છે. સર્વેશ્વરી ০II કલાક જપ કરી ડાયરીની નોંધ કરે છે. કારણ

જપ કરવા બેસવાનું બને છે. ત્યાં જ આ રૂમને રંગકામ કરનારા રંગારાઓ આવે છે.

સમયસર દ્વારખૂલી જતાં શ્રી વિજયભાઈ, કલ્યાણ, હંસરાજ-ભાઈ વગેરે પૂ. શ્રીને પ્રણામ કરી બેસે છે.

હંસરાજભાઈએ ત્રણ શિબિરોમાં હાજરી આપી છે. એ જાણી પૂ. શ્રી તેમને પૂછે છે.

શિબિર પછી ઘરે જપ–પ્રાર્થના કરો છો?

હંસરાજભાઈ : શિબિર જેવો ઉત્સાહ, રસ રહેતો નથી.

પૂ. શ્રી : ચ્હા પીવામાં કે જમવામાં ઘણીવાર ઉત્સાહ કે રસ રહેતો નથી, છતાં તે દરરોજ જ લઈએ છીએ ને પછી લેતાં લેતાં તેમાં વધુ ને વધુ આનંદ આવે છે.

નિયમ રાખો. ચા પીવી જ પડે તેમ જપ કરવા જ પડે. એ વાત જો મનમાં ઉતરી જાય તો બેડો પાર.

વળી ફરવા જવાનો સમય થતાં થોડેસુધી ફરવા ગયા. મંદિરે પહોંચ્યાં. નીચે ઓટલા પર આરતી થઈ ત્યાંસુધી બેઠાં. પાછા વળતાં દૂધ પીવું. માર્ગમાં હંસરાજભાઈના થોડા આધ્યાત્મિક પ્રશ્નોનું સમાધાન થયું.

આવકમાંથી અમુક રકમ ધર્મકાર્યમાં વાપરવી એ અંગે વાત નીકળતા પૂ. શ્રીએ કહ્યું,

"આવકમાંથી અમુક ટકા જ વાપરવી એવો સંકલ્પ ઘણીવાર બંધનકર્તા બને છે. કોઈકવાર એ રકમ જ ન ખર્ચી શક્યા તો તમારા એ સંકલ્પ પ્રમાણે કર્મ ન થયું. તો તમને કર્મનો દોષ લાગે. કર્મબંધન થાય, એટલે જેટલું પણ વાપરી શકાય સત્કર્મમાં એટલું વાપરવું જરૂરી છે.



પ્રશ્ન : આપણા મૃત્યુ પછી આપણી કમાણીમાંથી જ ભાગીદારને અન્યાય થાય તો દોષ આપણને લાગે?

પૂ. શ્રી : તમે જીવતાં જ એ અંગે ન્યાય કરી લો અથવા જે જવાબદાર વ્યક્તિ ઘરમાં હોય, તેને પણ એની સમજ આપો. જીવતાં જ બધું ચોખ્ખું રાખો.

તમારા મૃત્યુ પછી કોઈને અન્યાય થાય તો તેમાં દોષ તમને લાગતો નથી.

ઉતારા પર આવી પૂ. શ્રી ધ્યાનમાં બેઠા. સર્વેશ્વરીએ નોંધ લખી થોડી પ્રાર્થના કરી આરામ કર્યો.

**તા. ૨૯–૬–૮૧, સોમવાર, જેઠ વદ બારશ, ૨૦૩૭**

**સ્થળ : ૧૦/એ. અંબિકા વિશ્રામગૃહ, બસસ્ટેન્ડ પાસે, અંબાજી.**

સવારે ૭–૩૦ થી ૧૦–૪૫ સુધી અમદાવાદ જતા માર્ગમાં કૈલાસમંદિરની શાંત એકાંત ટેકરી પર આવેલા સ્થાનમાં સર્વેશ્વરી જપ–પ્રાર્થના કરે છે. અંબિકા વિશ્રામગૃહથી તે સ્થાન દોઢ કિલોમીટર હતું. મૌન રાખીને ત્યાં જવાનું બન્યું.

પૂ. શ્રીએ સમયસર સ્નાન, માળા કરી લેખનકાર્ય શરૂ કરી દીધું હતું. ૧૧–૩૦ મિનિટે દ્વાર ખોલ્યું આજે અંબિકા લોજમાં ભોજનની ઈચ્છા થતાં ત્યાં ગયા.

ભોજન કરતાં કરતાં પૂ. શ્રીએ કહ્યું.

"ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં પુસ્તક ચાર વાર છપાઈ ગયું. આપણી પણ આ ચોથી ખોજ છે." (મંગલા, છાયા, અંબિકા ભોજનાલય અને અંબિકા લોજ) ભોજન યોગ્ય ન હતું, છતાં લેવું પડયું માટે લીધું. ભોજન કરી માર્ગમાં લસ્સી કે દૂધ પણ ન લીધું, પણ ઉતારા પર આવીને સુખડી લીધી.

વળી ગઈ કાલે અંબિકા ભોજનાલયમાં સંતો માટે અલગ બેસીને ભોજન લેવાની સગવડ છે કે નહીં તે તપાસની વાત નીકળતાં પૂ. શ્રીએ કહ્યું :

અહીં અંબાજીમાં તો કેટલાયે સાધુ મહાત્માઓ આવે કેટલાક તો માંગીને જ ખાતા હોય, એટલે અહીંના વ્યવસ્થાપકો પણ ટેવાઈ ગયા હોય, બધાને સરખા જ માનતા હોય ને.

પણ ખેડબ્રહ્માનું મંદિર છે. ત્યાં શ્રી ભાઈશંકરભાઈ છે. તે સંતોના પ્રેમી છે, અમને પણ આગ્રહ કરીને ૭, ૮ દિવસ ત્યાં રહેવા બોલાવેલા. તે ભાઈએ એક રેવાનંદ મહાત્માની વરસો સુધી સેવા કરેલી.

જ્યારે એક મુંબઈના ભાઈ જેમણે અમારી સાથે યાત્રા કરેલી, તે સાધુ થવા આવેલા, અમે તેમને સમજાવી ૧ મહિનો રાખેલા. છતાં તે રાજકારણમાં પડયા ને હવે તો તે મળવા પણ આવતા નથી.

સ્વાર્થી હેતુ માટે કેટલાક સંતો પાસે આવે તે હેતુ સફળ ન થાય તો સત્સંગ પણ મૂકી દે. મહાત્મા છોકરાઓ ક્યાંથી આપે?

પ્રેમભાવ રાખનારા કેટલીક વાર સંતોના વિરોધી પણ બની જાય છે. પોલ બ્રન્ટન ઇંગ્લેંડના લેખક, પ્રવાસી, એમણે ભગવાન રમણ મહર્ષિ વિષે ઘણું સારું લખ્યું, પણ પાછળથી એ લેખક મહર્ષિની ટીકા કરતા હતા.

કોઈકે મહર્ષિને પૂછ્યું કે પોલ બ્રન્ટન પહેલાં તો સારું લખતાં ને હવે ટીકા કરે છે. મહર્ષિએ કહ્યું :

"ભગવાન તો જે છે, તે જ છે. તે બદલાયા નથી. એટલે કે ભક્તોની ભાવના હાલમડોલમ થાય, સંસ્કારો પ્રમાણે વર્તે પણ સંત તો જે છે, ને જેવા છે, તેવા જ છે.



સંતોને વળગી રહેવું. એ પણ સારા સંસ્કારો હોય તે જ વળગી રહે.

ઘડિયાળમાં ૧૧॥ વાગી ગયો હોવાથી પૂ. શ્રીએ વિશ્રામ કરો એમ કહ્યું જેથી શ્રી વિજયભાઈ, શ્રી કલ્યાણ પ્રણામ કરી વિદાય થયા. શ્રી કલ્યાણે મોરબી જવાની રજા માંગી. પૂ. શ્રીએ ખુશીથી જાઓ એમ કહી રજા આપી.

પૂ. શ્રીએ આરામ કર્યો. સર્વેશ્વરીએ રામાયણનો પાઠ કર્યો. પૂ. શ્રીએ લેખન કર્યું. સર્વેશ્વરીએ તે દરમ્યાન ડાયરીની નોંધ લખી.

પૂ. શ્રીનું રામાયણનું ભાષાંતરકાર્ય ઘણું કઠિન છે. છતાં જરાપણ થાક કે કંટાળા વિના નિયમિત લેખનકાર્ય ચાલ્યા જ કરે. કાવ્યમાં જ અનુવાદ માનસિક કવાયત માંગી લે છે. છતાં સતત કર્મનો સંદેશ આપવા જ જાણે આ દેહ ન ધર્યો હોય, એવું લાગે છે.

સાંજે અમદાવાદ રોડપર ફરવા ગયા ત્યાંથી બજારમાં આવ્યા.

પૂ. શ્રી દરરોજ સીધા મંદિરના બાંકડે જ બેસવાનો આગ્રહ રાખે. આજે વળી સાણંદ દરબારવાળાની ધર્મશાળા જે બજારની મધ્યમાં છે, ત્યાંના ઓટલે પૂ. શ્રી બેઠાં.

ઈશ્વરની ઇચ્છા તો જુઓ. પૂ. શ્રી જેવા ઓટલાપર બેઠા કે તરત જ ચાની દુકાનમાંથી એક વૃદ્ધ પુરુષ ખભાપર લાલ રૂમાલ નાંખીને આવ્યા. હાથ જોડી પાણી, ચા–દૂધ માટે આગ્રહ કરવા માંડયા. પૂ. શ્રીની પાસે બેઠા. ને કહેવા લાગયા.

આપ સાબરમતીમાં આવ–જા કરો છો.

પૂ. શ્રી : હમણાં તો નથી જવાનું બનતું.

તે ભાઇ : ૩૦ વરસ પૂર્વે હું રેલ્વેમાં જમાદાર હતો. ત્યારે તમને જોયેલા. એક ભાઇને ત્યાં તમારો ફોટો પણ છે.

કોણ કોને ક્યારે ક્યાં મળે છે. ઈશ્વરની કેવી યોજના છે. પૂ. શ્રીએ તેની સાથે વાતો કરી.

વળી શ્રી હંસરાજભાઇ સાથે મંત્ર નાનો થાય કે નહીં તેની વાતો કરી.

આજે પૂ. શ્રીએ પોતે જોએલી વિદેશની સ્વચ્છતાની ભારે પ્રસંશા કરી.

પાછા વળતાં મંગલા ડાયનીંગ હોલમાંથી ઘરે જ ખીચડી મંગાવવાની વાત વિચારી ને એ રીતે ઉતારા પર જ ભોજન લીધું.

ભોજનમાં ભાખરી સારી હતી. જેથી શ્રી કલ્યાણને આવતી કાલની મુસાફરીમાં આવવાની વાત પણ પૂ. શ્રીએ વિચારી, વળી થોડી સુખડી પણ આપવાની વાત થઇ.

ભોજન બાદ શ્રી કલ્યાણને વિદાય આપતા પૂ. શ્રીએ કહ્યું કે જગદંબાએ સવારથી કલ્યાણ જઇ શકે એવી લીલી ઝંડી ફરકાવી છે. જેથી હું હવે આગ્રહ કરતો નથી. ભલે જાય. વળી પાછા પ્રભુ મેળવશે. જપ ધ્યાન કરતાં રહેજો. ભોજાણીભાઇ તથા ઘરમાં સૌને યાદ કરજો.

સૌ પ્રણામ કરી વિદાય લે છે.

પૂ. શ્રી આજે ઓરડાની બહાર શ્રી કલ્યાણની સાથે ગયા. ત્યાંથી આવ્યા બાદ આરામ.

સર્વેશ્વરીએ ડાયરી લખી. હરિઃ ૐ. (ક્રમશઃ)



# અમૃતપળોનો આસ્વાદ–૨ (B)

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

પૂ. મા ગંગામૈયાનું માહાત્મ્ય સમજાવતાં કહે, "મા ભાગીરથીના આંગણે આવ્યા છીએ તો કેટલાંક હેતુઓ તો સહજ સરી જાય છે. એક તો ભાગીરથીના વિશાળ પાવન જળરાશીના દર્શનમાત્રથી શાંતિનો અનુભવ થાય છે. બીજું તેમાં સ્નાનમાત્રથી તનમનના તાપ શમી જાય છે. ત્રીજું ગંગાતટનું વાતાવરણ જ તેનાં આધ્યાત્મિક અણુપરમાણુઓને લીધે પવિત્ર લાગે છે, એટલે ગંગાજીના સાન્નિધ્યમાત્રથી પવિત્રતાનો અનુભવ સહજ પ્રાપ્ત થાય છે. વળી હરિદ્વાર તીર્થક્ષેત્ર હોવાથી મન તીર્થવાસનો સંતોષ અનુભવે છે, જીવનની કંઇક નક્કર ઉપલબ્ધીનો એહસાસ કરે છે. અને પરમાત્માનું સહજ સ્મરણ વિશેષ રહે છે. સંસારથી અલિપ્ત થઇને રહેવાનું હોવાથી સંસારની આસક્તિ ઓછી થાય છે. તેમ જ એકાંતમાં આપણી ઇચ્છામુજબ પ્રભુનું ચિંતનમનન શાંતિથી કરી શકાય છે."

પૂ. મા ગંગાજી પ્રત્યે ખૂબ જ આદર રાખે છે. પૂ. મા ગંગાજીના પ્રવાહને ચિન્મય માને છે અને આદરપૂર્વક દરરોજ પ્રણામોની અંજલિઓ અર્પ્યા કરે છે. પૂ. માએ ગંગાજી સાથે વર્ષોથી આધ્યાત્મિક અનુભૂતિઓનો એક ઇતિહાસ સર્જ્યો છે. ગંગાજીની દિવ્યતાના અનેક પ્રસંગોના સાક્ષી બન્યાં છે. અત્યારે પણ ગંગામૈયાના પ્રેમનો પ્રસાદ ધરતાં કહે, "આ વખતે આશા પહેલી જ વખત અમારી સાથે ગંગાદર્શને આવી રહી હતી તેથી અમારી અંતરની એવી ભાવના હતી કે ગંગામૈયાના સ્ફટીક જેવા

નિર્મળ સ્વરૂપનાં દર્શન તેને થાય. ગંગામૈયાએ અમારી પ્રાર્થના સાંભળી અને જ્યારે આશા સાથે અહીં આવી ગંગામૈયાનાં પ્રથમ દર્શન કર્યા ત્યારે ગંગામૈયાએ પોતાના નિર્મળ, સ્વચ્છ અને પવિત્ર સ્વરૂપનાં દર્શન આપી અમારી ભાવના પૂર્ણ કરી, અમારી પ્રાર્થના સંભળાઇ તેનો અને ગંગાજીના વિશુદ્ધ સ્વરૂપના દર્શનનો એવો બેવડો લાભ અમને પ્રથમ જ ગંગાદર્શને થયો. જ્યાં અંતરનો વિશુદ્ધભાવ છે ત્યાં પ્રાર્થનાનો પ્રતિસાદ પડે છે તેવો અમારો અનુભવ છે. અમારો પ્રાર્થનાનો વિશ્વાસ તો હવે દૃઢ થઇ ગયો છે."

આજે સત્સંગનો પ્રથમ દિવસ છે. સૌ ગંગાતટે આવ્યા છે તો ગંગાજીનું માહાત્મ્ય જાણે અને તેમનાં પ્રત્યે સૌ તીર્થદેવતાનો આદર રાખતા થાય તે હેતુથી પૂ. મા ગંગાજીના કૃપાપ્રસંગોની લ્હાણ સૌને કરી રહ્યા છે. પૂ. મા ગાયત્રીબેનને ગંગાજીની કૃપાનો પ્રસંગ કહેવાનું કહે છે.

શ્રી ગાયત્રીબેન આ પહેલાની ગંગાયાત્રા વખતે પોતાને થયેલી સ્વાનુભૂતિનો પ્રસંગ કહે છે, "મારા કેટલાંક અંગત પ્રશ્નો પૂ. માને પૂછી તેનો ઉકેલ મેળવવાની ઇચ્છા હતી પરંતુ પૂ. મા મોટે ભાગે એકાંતમૌન સેવતા હોવાથી પ્રશ્નોની રજૂઆત પૂ. મા પાસે કરી શકી નહીં. મન અકળાતું હતું, ધીરજ ખૂટતી હતી. પૂ. મા પાસેથી આ પહેલા ગંગામૈયાની અદ્‌ભુત ચિન્મય અનુભૂતિઓના પ્રસંગો સાંભળ્યા હતા તેથી મનમાં નિશ્ચય કર્યો કે સાચેસાચ જો ગંગાજી પૂ. મા કહે છે તેમ ચિન્મય હોય તો તેમને જ પ્રશ્નો પૂછીને શા માટે ઉત્તર ન મેળવવો? મેં મનોમન ગંગાજીને પ્રાર્થના કરી કે હે ગંગામૈયા મારી મા સર્વેશ્વરી કહે છે કે તમે ચિન્મય છો તો પૂ. માને તો તમે સૂક્ષ્મસ્વરૂપે મળતા જ હશો એવો મારો વિશ્વાસ છે. તો મારાં કેટલાંક પ્રશ્નો આ કાગળની



ચિઠ્ઠીમાં લખીને આપના પ્રવાહમાં મૂકું છું તો તે પ્રશ્નો મારા પૂ. મા સર્વેશ્વરીને પહોંચાડી દેશો. આમ ગંગાજીને પ્રાર્થના કરી, ચિઠ્ઠીમાં પ્રશ્નો લખી ગંગાજીના પ્રવાહમાં વહેતી મૂકી દીધી. મારા મનનો ભાર હળવો થઇ ગયો. હું મારા કામમાં પૂર્વવત્ પરોવાઇ ગઇ.

ચારેક દિવસ પછી એક દિવસ પૂ. માએ મને પોતાના રૂમમાં બોલાવી. પૂ. મા થોડી અસ્વસ્થ તબિયતને લીધે સૂતા હતા. હું પ્રણામ કરીને બેઠી. પૂ. મા વિશેષ બીજું કંઇ બોલવાને બદલે મેં ગંગાજીના પ્રવાહમાં ચિઠ્ઠીમાં મૂકેલા પ્રશ્નોના જવાબ એક પછી એક આપવા માંડયા. મને નવાઇ જરૂર લાગી પરંતુ મારી પૂ. મા અને ગંગાજીપ્રત્યેની શ્રદ્ધા ફળીભૂત થતાં મારા સાનંદાશ્ચર્યનો પાર ના રહ્યો! પૂ. માએ મારા પ્રશ્નોના અક્ષરશઃ જવાબ આપ્યા. બીજી કોઇ આડીઅવળી વાતો ના કરી. બધા જ પ્રશ્નોના જવાબ પૂરા થતાં પૂ. મા એટલું જ બોલ્યા જાઓ, અને બીજી જ ક્ષણે પડખું ફરીને સૂઇ ગયાં!"

શ્રી ગાયત્રીબેનનો આ દિવ્ય અનુભૂતિનો પ્રસંગ ખરેખર અસાધારણ છે. શ્રી ગંગામૈયા શું છે અને પૂ. માની આત્મિક અવસ્થાની ઓળખ આપણને આ પ્રસંગથી થાય છે. બુદ્ધિ બહેર મારી જાય એવી શ્રદ્ધાની આ વાતો છે. અહીં આવેલા સૌ શ્રદ્ધાળુ સત્સંગીઓને પરમ શ્રદ્ધાનું અનોખું ભાથું પૂ. માના સાન્નિધ્યમાં મળી રહ્યું છે.

શ્રી ગંગાજી પ્રત્યે પૂ. મા જે આદર રાખે છે, શ્રદ્ધાભક્તિ પ્રદર્શિત કરે છે, જે અનન્ય નિષ્ઠા સેવે છે તે કેટલું સત્ય છે તે આ પ્રસંગ પરથી જાણવા મળે છે. આ પ્રસંગ બતાવે છે કે ગંગાજી ભલે સ્થૂળસ્વરૂપે નદીરૂપે વહેતાં હોય પરંતુ તે પરમશક્તિનું ચિન્મયસ્વરૂપ છે, તે નિઃશંક છે.

પૂ. માએ પણ પોતાના પરમશક્તિ સ્વરૂપનો જે પરિચય આ પ્રસંગદ્વારા આપ્યો તે અનેકોએ પૂ. મામાં વ્યક્ત કરેલી અનન્ય શ્રદ્ધાનો પરિપાક છે. આવી સમર્થ મહાશક્તિના આશ્રયે આપણે સૌ બેઠા છીએ. શ્રી ગંગાજીનું મહાતીર્થ પણ પૂ. માની પરમકૃપા થકી જ આટલું ફળીભૂત થઇ શક્યું છે તે પણ ન ભૂલીએ. બંને માતાઓનો પરમ ઉપકાર કદી ન ભૂલીએ.

જેને લીધે આ ગંગાયાત્રા શક્ય બની છે તે પૂ. માના પ્રિય બાળકો શ્રી આશા અને શ્રી નારાયણભાઇ આપણી સાથે જ છે. આ બંને બાળકોની હાજરીને લીધે આપણી સત્સંગસભામાં એક અનોખા ઉત્સાહનું મોજું ફરી વળ્યું છે. આપણી સત્સંગસભાઓ આ બંને ભક્તોને લીધે વધુ પ્રાણવાન અને પ્રેરક બની રહેશે. આપણે 'અધ્યાત્મ'ના પૃષ્ઠોપર તેમનો પરિચય કેળવ્યો છે. પૂ. માને પણ નિષ્ઠાવાન ભક્તોની હાજરી ગમે છે.

અત્યારે સાંજનો સત્સંગ ચાલી રહ્યો છે. પૂ. મા સામે જ આસનપર બીરાજ્યાં છે. એ શ્રીચરણો પાસે પ્રેમની પ્રતિકૃતિ સમી આશા બેઠી છે. માતૃવાત્સલ્યનો સમગ્ર વૈભવ સજીને પૂ. મા પ્રસન્નતાપૂર્વક બીરાજ્યાં છે. માતૃપ્રેમનો મહેરામણ તેનાં નાનકડાં નયનોમાં કેવો સમાઇ ગયો છે!

માતૃમહેરામણ અને સ્નેહસરિતાનાં અનુપમ પવિત્ર સંગમના સુંદર દર્શનનો યોગ આ ગંગાતટે ઘણાં વર્ષે પ્રાપ્ત થયો છે. પ્રેમના આવા માધુર્યસભર પ્રયાગરાજમાં ડૂબવાનું કોને નહીં ગમે? એ પ્રયાગરાજમાં સ્નાન એ સૌભાગ્ય છે અને રસપાન એ કૃપા છે.

માતૃવાત્સલ્યની વસંત જાણે આશાની જીવનડાળીઓમાં મ્હોરી ઊઠી છે! ખરેખર આ વખતની ગંગાયાત્રા જીવનનો એક અનેરો ઉત્સવ લઇને આવી છે.



જુઓ આશાની વાણી પણ આજ ભાવનો પડઘો પાડી રહી છે. આશા કહે, "પૂ. મા સાથે એક સાગરની જેમ સંકળાયેલી છું એટલે પૂ. મા વિષે કંઇ બોલું તે સાગરને ઉલેચવા જેવું છે. શું બોલું અને શું ન બોલું એમ થયા કરે છે. પૂ. મા તો પરમશક્તિ છે, એમની પાસે પ્રેમનો અજબ જાદુ છે. એ પ્રેમની જાદુઇ અસરે મારાં સર્વ દુઃખો હરી લીધાં છે. મારી ઉપર આવેલાં દુઃખનો સ્પર્શ પૂ. માએ મને થવા દીધો નથી. પૂ. માએ મને હજાર હાથે રક્ષી છે. પૂ. મા પાસે હું પ્રેમ જ માગી રહી છું, પ્રેમ સિવાઇ મારે કંઇ ન જોઇએ. એ પ્રેમસ્વરૂપાનો પ્રેમ જ મળ્યા કરે, એવી પ્રાર્થના કરું છું."

આશાની જેમ બધા જ બાળકોને એમ લાગે છે કે પૂ. મા અમને અમારી લાયકાતથી વધુ આપે છે. પૂ. મા ક્યારેય બાળકોની ભૂમિકા તપાસતાં નથી. અહીં તો જે બાળક બનીને આવે છે તે પૂ. માનો વાત્સલ્ય વૈભવ પામી જાય છે. જે કંઇ ઉણપ છે તે આપણા પક્ષે છે. આપણી અસમર્થતાને લીધે એ કૃપાની ધારને ઝીલી શકાતી નથી. એટલે એ માતૃકૃપાનો પૂર્ણ આનંદ માણી શકતા નથી. પૂ. માનો સ્વભાવ તો પૂર્ણપણે વરસી પડવાનો છે, પોતાના બાળકોનાં કલ્યાણનો કોઇ પણ પ્રયાસ બાકી રાખતાં નથી.

પૂ. માની વાત્સલ્યગંગાને ઝીલવા માટે ભગવાન શિવ જેવા સામર્થ્યના અધિકારી થવું પડશે. અહીં ગંગાતટે પૂ. માના સાન્નિધ્યમાં આવ્યા છીએ તો તલસાટ અંતરે જગવી દઇએ તો આપણી જીવનયાત્રા સફળતાને વરી જશે. એ માટે પ્રેમભર્યો પ્રબળ પુરુષાર્થ જોઇશે. ત્યારે જન્મોનાં અંતે શિશુવન સામર્થ્યના અધિકારી થવાશે, માતૃગોદે બિરાજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે.

આજે શિવરાત્રિ નિમિત્તે આપણે આપણા પ્રકટ ભગવાન આશુતોષ પૂ. માના પ્રત્યક્ષ દર્શન પામી ધન્ય ધન્ય બની ગયા. ગંગાતટે ગંગામૈયાની દિવ્યતાનાં ગુણગાન ગાયાં! ગંગાયાત્રાની આથી વિશેષ ફલશ્રુતિ બીજી શું હોય? બસ, એક પરમશ્રદ્ધા જાગી જાય કે!

તમને સંત ન કેવળ માનું,
અખિલ વિશ્વમાં વ્યાપક પૂરણ,
પરમાત્મા હું જાણું.
એ જ ભાવથી ગાઉં નિશદિન,
દિવ્ય તમારું ગાણું,
સમર્થ સ્વામી, તમને સેવી,
ઉજવું જીવન ટાણું.

O

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭
ફોન : ૨૨૮૨૩૧



## * યાચના *

પ્રભુજી! અમને આપો નવાં નવાં દુઃખ;
જેથી સમજાયે સાચું સુખ;
પ્રભુજી! આપો અમને નિત નવાં દુઃખ.

સુખડાંયે જૂઠાં ને દુઃખડાંયે જૂઠાં,
ઝંઝવા શા માયાવી કૂપ;
અમરત સાયર છલકે સનાતન,
સમજાતાં આત્મ-સ્વરૂપ.
પ્રભુજી! અમને આપો નવાં નવાં દુઃખ.

ક્ષરનાં છબછબિયાં સુખ સમજે,
અક્ષરરૂપ અનૂપ;
ઉફરા મારગ અલખ-નિરંજન,
મૌક્તિક સાયર-કૂખ;
સુખમાં દુઃખ ને દુઃખમાં સુખની
સરવાણી સરતી અચૂક
ગંગોત્રી-ગંગાજલ એક જ
ઝૂઝવાં ઝૂઝવાં રૂપ
પ્રભુજી! આપો નિતનિત નવલાં દુઃખ.

— ડો. રણજિત પટેલ (અનામી)

▭

# * યોગેશ્વરજીનું આત્મનિવેદન *

( ગાન )

સઘળે મારો વિભુવર રહેતો,
સત્કારે–અપમાને રહેતો,
સ્તુતિ–નિંદામાં સઘળે રહેતો,
ઉરથી સમજી સઘળું એ તો,
હું નમન વિના ન રહેતો.

ધરતીના કણકણમાં રહેતો,
ફૂલ–શિલામાં સઘળે રહેતો,
હેત–પ્રેમ ને ગાળમાં રહેતો,
ઉરથી સમજી સઘળું એ તો,
હું નમન વિના ન રહેતો.

વિવિધ રૂપમાં એ તો રહેતો,
પ્રેમ–વેરમાં એ તો રહેતો,
મમતા–ઘૃણા વેશે રહેતો,
ઉરથી સમજી સઘળું એ તો,
હું નમન વિના ન રહેતો.

કોઈક વેશે પ્રકટી રહેતો,
કોઈક દેશે પ્રકટી રહેતો,
દોસ્ત–દુશ્મનીમાં યે રહેતો,
ઉરથી સમજી સઘળું એ તો,
હું નમન વિના ન રહેતો.

— ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



# માતાજી કૃષ્ણાબાઈ

શ્રી ધીરજબેન નાણાવટી

પપા રામદાસજીના શિષ્યા કૃષ્ણાબાઈનો જન્મ ધારવાડ જીલ્લા-માં હળિયાલ ગામમાં ૧૯૦૩ માં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તે વખતે પ્લેગનો રોગચાળો ચાલતો હતો, તેથી બધાં જંગલમાં છાપરી બાંધીને રહેતાં હતાં. તેઓ નાનપણથી જ ધાર્મિક વૃત્તિનાં હતાં, ઘરમાં પણ ધાર્મિક વાતાવરણ હતું. તેથી તેઓ ભક્તિના રંગે રંગાયેલાં હતાં. ૧૩ વર્ષે તેમનું લગ્ન થયું ને તે પછી તેમણે હુબલીમાં "શ્રી રામ જય રામ, જય જય રામ"નો તેર–અક્ષરી મંત્ર લીધો. વીસ વર્ષની ઉમ્મરે તેઓ વિધવા થયાં, પછી તેમના જેઠના આશ્રયે તેઓ રહ્યાં, પણ સંસારમાંથી તેઓનું મન ઊડી ગયું હતું. એક વાર તેમણે અફીણ ખાઇને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો ને પ્રભુને પ્રાર્થના કરી, "પ્રભુ મને વહેલું વહેલું મોત આપ." કંઇ પણ કાર્ય કરતા પહેલાં તેઓ દેવદેવીઓ અને સંતો-ની છબીઓ આગળ ઊભાં રહી જે કંઇ કરે તે જાહેર કરવાનો નિયમ પાળતા હતાં. એમાંના એક સંત રામદાસ હતા. તે છબી-માંથી પ્રગટ થયા તે તેમને દર્શન આપ્યાં. ત્યાંસુધીમાં તો લોકોને ખબર પડી. તેથી તેમનાં જેઠ દાક્તર હોવાથી દવા કરીને તેઓ જીવી ગયાં. એક વાર જપ કરતાં કરતાં તેમના હાથ જડ થઇ ગયા, હાલે જ નહીં. તેમણે દેવોને કહ્યું, "આવું કેમ કર્યું?" દેવોએ કહ્યું, "અમારા માટે નહીં, પણ તારે તારા માટે જ જપ કરવાનો છે." કૃષ્ણાબાઈએ કહ્યું, "હું મારા માટે કંઇ જ કરવાની

નથી, તમારી પાસે કશું માંગવાની પણ નથી!" તેમણે જપ દેવોને સમર્પિત કર્યા ને તેમના હાથ હાલવા માંડયા.

એક વાર તેમણે સ્વપ્નામાં ફેણ માંડેલો સર્પ દેખાયો. તેનો અર્થ એવો કરવામાં આર્યો કે સુબ્રહ્મણ્યમ્ (કાર્તિક સ્વામી) તેમના પર પ્રસન્ન છે. એક દિવસ તેમના જેઠે તેમને કહ્યું કે જ્ઞાનેશ્વરીમાં વર્ણવેલા સંતના લક્ષણવાળા એક સંત મેં કાસરગોડમાં જોયાં છે તેથી કૃષ્ણાબાઇ તેમના દર્શને ગયાં. અને એ હતા પપા સ્વામી રામદાસ. તેમને જોતાં જ કૃષ્ણાબાઇએ શાંતિનો અનુભવ કર્યો. કૃષ્ણાબાઇ બહુ ક્રોધી હતાં, રામદાસે ઉપદેશ આપ્યો કે ધર્મગ્રંથોનું વાંચન, પૂજાપાઠ વગેરે કરીને જો ક્રોધ પર કાબૂ ન મેળવાય તો શું ફાયદો? એના કરતાં રામનામ જપો ને સૌમાં રામ છે એમ સમજીને સૌની સેવામાં રામની સેવા છે એમ સમજો. ત્યાર પછી કૃષ્ણાબાઇના જીવનમાં ફેરફાર આવવા લાગ્યો. તેઓ રામદાસના આશ્રમમાં રોજ જવા લાગ્યાં ને ભજન ગાવા લાગ્યાં. એક દિવસ એક ચિંથરેહાલ બાઇ આવી ને સાડી માંગવા લાગી તો પોતાની નવવારી સાડીમાંથી અરધી સાડી ફાડીને આપી દીધી. બીજી વાર પણ આમ જ કર્યું. ત્યાર પછી ટૂંકી છ વારની સાડી તેમના કુટુંબે આપવા માંડી, કૃષ્ણાબાઇ તો કહેતા, "કપડાંનો મારો મોહ છોડાવવા ભગવાન આવી લીલા કરે છે."

તેમની શાશ્વત સુખની ઝંખના એટલી બધી તીવ્ર થઇ ગઇ હતી કે ઘરથી આશ્રમ જતાં જતાં ઘર તરફ આકર્ષણ થાય તો તે તરફ વળે; અને વળી પાછાં આશ્રમ તરફ વળે. આમ કરતાં કરતાં એક દિવસ બપોરે આશ્રમમાં મંત્રદીક્ષા માટે પપા રામદાસ પાસે પહોંચી ગયાં. પપા રામદાસે, "શ્રી રામ જય રામ જય જય



રામનો મંત્ર આપ્યો ને સતત જાપ ને સેવા કરવા કહ્યું. ત્યાર પછી તેમની જીવન પ્રત્યેની દૃષ્ટિ બદલાઇ ગઇ. કોઇ પણ પુરુષનો દોષ હોય તો જાણે કે રામદાસ જ હોય એમ માની દોષ ન જુએ. સ્ત્રીમાં કંઇ દોષ દેખાય તો તે ઊંઘતી હોય ત્યારે ચરણરજ લે ને મનોમન કહે, "મને તમારામાં કોઇ દોષ ન દેખાડશો. એમ કરતાં કરતાં તેઓ એવી અવસ્થાએ પહોંચ્યાં કે, કોઇનો દોષ તેમને દેખાય જ નહીં. કોઇ પ્રશંસા કરે તો ભગવાનને પ્રાર્થના કરે, "પ્રભુ મને આમાં ફસાવસો નહિ, મને બચાવજો."

એક વાર આશ્રમમાં કહીને ઘેર જતાં હતાં ત્યારે મન દુઃખથી વ્યાકુળ થઇ ગયું. તેઓ મનમાં બોલવા લાગ્યાં, "હું ગાંગડું ને ગાંગડું જ રહી. આના કરતાં મને મોત આવે તો સારું. હે પ્રભુ, સર્પ થઇને મને કરડ અને દુઃખમાંથી મુક્ત કર." અચાનક જ તેમને સર્પદંશ થયો ને ઝેર ચઢવાથી પગ ભારે થવા લાગ્યો. એટલામાં તો ખૂબ જોરથી વરસાદ પડવા લાગ્યો તેથી તેઓ ઘસડાતાં ઘસડાતાં એક જંગલમાં "ભૂતની દેરી" તરીખે ઓળખાતી જગ્યાએ જઇને આંગણામાં બેભાન અવસ્થામાં પાડી રહ્યાં. સવારે બધાને ખબર પડી તો સારવાર કરતાં તેઓ બચી ગયાં.

કૃષ્ણાબાઇ પપા રામદાસના ભાણામાંથી રોજ પ્રસાદ લેતાં, પણ એકવાર રામદાસ ઉત્તર ભારતના પ્રવાસે ગયા હતા. તેથી જે કોઇ આશ્રમમાં હોય તેના ભાણામાંથી જાણે કે પપા રામદાસનો પ્રસાદ હોય તેમ લેતાં હતાં, એક વાર કોઇ જ ન આવ્યું. તેથી પ્રભુને પ્રાર્થના કરી કે, "પ્રભુ આજ કેમ પ્રસાદ દેતા નથી." ત્યાં તો એક રખડતો કૂતરો આવી પહોંચ્યો. તેણે આશ્રમના પગથિયાં પર ઊલટી કરી, કૃષ્ણાબાઇ તો આનંદમાં આવી ગયાં ને

રામદાસને કૃપાળુ, દયાળુ વગેરે કહીને તેમણે ઊલટીનો પ્રસાદ લીધો. આવો હતો તેમનો સર્વો જીવોમાં પપા રામદાસનો ભાવ. તેઓ પપા સાહેબનો વિયોગ સહન નહોતાં કરી શકતાં તેથી સાધના અધૂરી છે એમ કહીને ત્યાં જ રહેવાં લાગ્યાં. પછી તો સાધકની જેમ ભિક્ષાન્ન લઇ તેઓ જીવવા લાગ્યાં, પારકાં પોતાના વચ્ચેનો ભેદ ભૂલી જવાં લાગ્યાં. ઘરના લોકોને તેમનું વર્તન ન ગમ્યું પણ તેમણે તો ભિક્ષાન્ન પર જીવવાનું ચાલુ રાખ્યું. પછી તેમણે પપા રામદાસને વિનંતિપૂર્વક પત્ર લખીને કાયમને માટે આશ્રમમાં રહેવાની પરવાનગી માંગી. તેઓ પપા રામદાસને મા ગણીને તેમની સાથે રહેવા ચાલ્યા ગયા. તેમના બે દીકરા તેમની સાથે ન ગયા.

રાતોરાત તેઓ કાસરગોડ જવા માટે પહેરેલા કપડાંભર નીકળી ગયાં. રાત હતી, પૂનમની રાત હોવાં છતાં વાદળાંને લીધે રસ્તો દેખાતો નહોતો. તેમણે પગ પાસેથી સાડી જરા ઊંચી કરી તો એટલામાં પગ આગળ અજવાળું દેખાયું, તે અજવાળે અજવાળે એક એક ડગલું આગળ ભરતાં તેઓ આશ્રમમાં પહોંચી ગયાં! તેમણે પ્રભુનો પાડ માન્યો ને કહ્યું કે, "મા! તું રક્ષા કરે છે પણ તારા ચમત્કારોમાં અટવાવતો નહીં." આશ્રમમાં પહોંચતાં જ પપા રામદાસ તેમને જોઇને હસી પડયા ને લખીને કહ્યું, "મા, તું તારાં ઘરે આવી છો, હવેથી આ આશ્રમ જ તારું કાયમનું રહેઠાણ થશે." ત્યાર પછી તેઓ આશ્રમમાં જ રહ્યાં ને પપા રામદાસની સાથે જ બધે પ્રવાસ કર્યાં. પોતાની આત્મકથા કન્નડભાષામાં લખી છે. પપાના સ્વર્ગવાસ પછી આશ્રમની બધી જવાબદારી તેમણે ઉપાડી લીધી ને રામદાસના પટ્ટશિષ્યા બની, બીજો બધો વહીવટ ચલાવવા લાગ્યાં.



પપા રામદાસ માતાજી વિષે કેટલાક દૃષ્ટાંતો આપતા, તે આપણે જોઇએ. એકવાર માતાજી બિમાર પડયાં, થાકીને માથે રૂમાલ મૂકીને તેઓ સૂતાં હતાં, ત્યારે પપા રામદાસે કહ્યું કે, "આખો દિવસ કામ કરો છો. પહેલાં તો બપોરે થોડો આરામ કરતાં હતા. હવે નથી કરતાં. તમારે થોડો આરામ લેવો જોઇએ." તો માતાજી હસીને બોલ્યાં, "હું તો કંઇ કામ કરતી જ નથી." આથી પપા રામદાસ ભક્તોને સમજાવવા લાગ્યા કે આનું નામ "કર્મમાં અકર્મ." માતાજી કામ તો ખૂબ કર્યાં કરે છે. પણ તેમને લાગતું નથી કે તેઓ કામ કરે છે. મહાત્મા સિદ્ધો વગેરે સતત પ્રવૃત્તિ કરતા દેખાય, છતાં પોતે કંઇ કરતા નથી એમ જ કહેતા હોય છે. એમ કહીને તેમણે દુર્વાસાઋષિનો દાખલો આપ્યો કે, "દુર્વાસાઋષિ ગોપીઓના બધા થાળ જમી ગયા તોપણ યમુના કનારે ઊભા રહીને પ્રાર્થના કરી કે, હું નિત્ય ઉપવાસી હોઉં તો યમુના મૈયા ગોપીઓને મારગ આપો." તરત જ યમુનાના પાણી બે બાજુ ખસી ગયા અને વચ્ચે મારગ કરી આપ્યો. આ પ્રમાણે "કર્મમાં અકર્મનું રહસ્ય છે જ્યારે તમે આત્મામાં સ્થાયી થાઓ છો ત્યારે પ્રવૃત્તિ કરવાં છતાં તમે અલિપ્ત રહી શકો છો.

બીજી એક રસપ્રદ વાત છે કે એકવાર સોલાપુરથી આવેલી બહેનોને માતાજી આલ્બમ બતાવતાં હતાં. એક આલ્બમમાં માતાજીના પૂર્વાશ્રમનો (૧૯૪૯) એક ફોટો હતો. તેમાં માતાજી સાથે તેમનાં બે ભાઇઓ તથા તેમના પુત્ર ગણેશની દીકરી વગેરે હતાં. બેનોએ એ વિષે પૂછ્યું તો માતાજીએ દિવાલ પર લટકતા તેમના તથા તેમના પતિના ફોટાને બતાવીને કહ્યું, "પેલા ફોટામાં પેલી સ્ત્રી દેખાય છે ને, તેનો આ દીકરો છે." એમ કહીને ફોટામાં ગણેશની છબી દેખાડી અને કહ્યું, "આ બે તેમના મામા છે

(માતાજીના ભાઈઓ)" પછી માતાજીએ ખુલાસો કરતાં કહ્યું કે,
"મને બીજાં પર જેટલો પ્રેમ છે તેટલો જ તેમના પર છે." પપા
રામદાસ હસતાં હસતાં માતાજીને સામ્યવાદી કહેતા કારણ કે જરા
પણ ભેદભાવ વગર બધાં પર સરખો ભાવ રાખતાં. દા. ત.
આશ્રમમાં કામ કરતાં માણસોને જુદાં જુદાં મકાન ઘર તરીખે
બંધાવી આપતાં હતાં કારણ કે સહુ સમાન જ ગણાય તેથી સહુને
સરખી જ સુખ સગવડ મળવી જોઈએ. એવું તેઓ માનતાં. આ
સાથે સાથે સમય જતાં આશ્રમમાં વસ્તી વધી જતાં જે જે
સમસ્યાઓ ઊભી થતી હતી તે જોઈને પાછળથી માતાજી કહેતાં,
આશ્રમ ઊભા કરવામાં ને પ્રવૃત્તિ વધારવામાં ભૂલ થઈ છે, કારણ
કે સાધકો લાભ લેતાં. વળી સાધના કરવાને બદલે સાધકો
માતાજીની તેમ જ પપા રામદાસની ભૂલો કાઢતા ને ઊલ્ટી સલાહ
આપવા બેસી જતા. પપા રામદાસે કર્મયોગની વ્યાખ્યા સુંદર રીતે
કરી છે," યોગની સ્થિતિમાં, એટલે કે ઈશ્વરની સાથે યુક્ત થઈને
કર્મ કરવું તેનું નામ કર્મયોગ." એકવાર પપા રામદાસે કહ્યું, સ્ત્રી
અને સુવર્ણ પુરુષના પતનનાં કારણ છે." માતાજીએ એ સાંભળી
કહ્યું, "પપા સ્ત્રી અને સુવર્ણને બદલે કામ અને સુવર્ણ કહેવું
જોઈએ." પપાએ કહ્યું, "ખરી વાત, પતન પુરુષ અને સ્ત્રીને
બંનેને લાગુ પડે છે એકલી સ્ત્રીનો દોષ કેમ કઢાય? પુરુષ પણ
સ્ત્રીના પતન માટે એટલો જ જવાબદાર છે."

માતાજીને ભક્તોના ઉત્કર્ષ માટે કેવી અને કેટલી લાગણી
હતી તે નીચેના દૃષ્ટાંત પરથી જણાશે. એક વાર એક ભક્તે એક
પેન લઈને માતાજીને ભેટ આપીને પછી પ્રણામ કરીને બોલ્યો,
"માતાજી મને આશીર્વાદ આપો કે હું સુખી થાઉં." થોડીવાર
રહીને માતાજી બોલ્યા, "તમે મને આશીર્વાદ આપો! બાવીસ
વર્ષથી મારાં આશીર્વાદ લઈ લઈને તમે એના ભાર નીચે કચડાઈ



રહ્યાં છો હવે મને તમારા આશીર્વાદથી જરા તાજી થવા દો." આ
સાંભળીને ત્યાં રહેતા સ્વામી સચ્ચિદાનંદ ને કૃષ્ણાનંદ તેનું રહસ્ય
સમજી ન શક્યા, તેઓએ માતાજીને તેનું કારણ પૂછ્યું, ત્યારે
માતાજીએ કહ્યું, આશ્રમ સ્થાપ્યો ત્યારથી એટલે કે બાવીસ વર્ષોથી
હું મારાં સંસર્ગમાં આવતાં દરેક જણ આધ્યાત્મિક માર્ગે ઝડપી
પ્રગતિ કરે એ જોવા માંગું છું. આજે પપા સ્થૂલદેહે આપણી સાથે
છે અને સૌ પર પોતાની કૃપા વરસાવવાં તૈયાર છે. પણ કોઈ
એનો સાચો લાભ લેવા તૈયાર નથી તે જોઈને હું ખૂબ હતાશ થઈ
ગઈ છું. આધ્યાત્મિક મુક્તિની વાતો ઘણાં કરે છે પણ કોઈને એ
જોઈતી નથી. આજસુધી મારાં સંપર્કમાં આવનાર વ્યક્તિઓના
આધ્યાત્મિક ઉત્કર્ષ માટે મેં પ્રયત્નો કર્યા, પણ મારાં પ્રયત્નોમાં હું
નિષ્ફળ ગઈ છું. પેલા ભક્ત મને પગે લાગ્યા, ત્યારે મારાં મનમાં
આવાં વિચારો દોડી આવ્યા, તેથી મેં કહ્યું કે તમારે મારા
આશીર્વાદની જરૂર નથી, પણ મારે તમારા સૌના આશીર્વાદની
જરૂર છે જેથી હું મારા પ્રયત્નમાં સફળ થાઉં!

"કયો પ્રયત્ન?" એનાં જવાબમાં માતાજીએ કહ્યું, "બધાં જ
સાધકોનો આધ્યાત્મિક ઉત્કર્ષ થાય અને તેઓ સાક્ષાત્કાર પામે
તે." આમ આપણને સમજવા મળે છે કે માતાજીને તેમના ભક્તો
માટે કેટલી ઉત્કટ લાગણી હતી! કેટલાંક ભક્તો કહેતાં, "પપા
રામદાસ આગલું એન્જીન અને માતાજી પાછલું એન્જિન. વચમાં
બધાં ડબા છે." (ભક્તો ડબા જેવા) પપા રામદાસે કહ્યું કે, "તમે
સલામત ડબા રહેવાનાં નથી તમારે એન્જિન થવાનું જ છે. અને
બીજાંઓને લક્ષ્ય સ્થાને ખેંચી જવાની શક્તિ મેળવવાની છે."
પછી પપાએ કહ્યું, "એ દિવસોમાં રામદાસ વીજળીના જીવંત તાર
જેવા હતા. કેટલાકને તો એવું યે લાગે છે કે માતાજીના આવવાથી
રામદાસનું પતન થયું છે. આશ્રમના એ દિવસો ખૂબ કપરાં હતાં.

માતાજી ન હોત તો રામદાસે આશ્રમ સ્થાપ્યો જ ન હોત. એ જંગલમાં કોઇ ગુફામાં જઇ બેઠા હોત. પણ માતાજી આંસુભરી આંખે તેની સામે ઊભાં અને જ્યાં પણ રામદાસ રહે ત્યાં એમની સાથે રહેવા દેવાનું કહ્યું, આમ આશ્રમની સ્થાપના થઇ. પાછળથી કેટલાકે અમે કેવી રીતે રહીએ છીએ તે જોવા, અમારી જાસૂસી કરવા અમારી સાથે આવી રહ્યાં હતા. તેમનો ભ્રમ ભાંગતા તેઓ ખૂબ પસ્તાયા હતા. રડયા હતા, અને રામદાસના પગમાં આળોટી તેમની ક્ષમા માગી ગયાં હતાં. બીજી એક વાત પણ જાણવા જેવી છે કે રામદાસના પૂર્વાશ્રમના પત્ની રૂક્‌માબાઇ કાસરગોડ આશ્રમમાં રહ્યાં હતાં, ત્યારે તેમની માંદગીમાં માતાજીએ તેમની ઘણી સેવા કરી હતી.

આશ્રમના બે ભક્તો માતાજી વિશે કવિતા લખતા હતા, ત્યારે માતાજીએ બેઉને કહ્યું, "તમે લોકો લખો છો ત્યારે માણસની ઊજળી બાજુ બતાવો છો, અને કાળી બાજુ દેખાડતા જ નથી. તેથી વાંચનારા ઊંધે રસ્તે દોરાય છે." એમ કરીને દાખલો આપ્યો કે, કોઇને પણ ફોલ્લો થાય તો પીડા તો થાય જ. તેમ મને પણ પીડા થતી હતી, પણ તમે તેનો ઉલ્લેખ ન કરો તો બીજા સાધકોને પણ થાય કે માતાજીને તો પીડા નહોતી થતી. તેથી અમને પણ ન થવી જોઇએ. જો પીડા થાય તો તેઓ હતાશ થઇ જાય, કારણ કે તેમના કલ્પિત આદર્શને ન પહોંચી શકે. પછી તેમણે એક બીજું દૃષ્ટાંત આપ્યું કે સાધનામાં હું બે કલાક પણ ઊંઘને ઓછી નહોતી કરી શકતી ને પપા તો રાતોરાત ઊંઘ વગર જાપ કરી શકતા. તેથી મને બહુ દુઃખ થતું હતું. પપાને આ વાતની ખબર પડી તો કહે, "ઊંઘ આવે તો ઊંઘવાનું. તું ઊંઘની શા સારુ ચિંતા કરે છે? ઊંઘ આવે ત્યારે ઊંઘવાનું, અને મન થાય ત્યારે ધ્યાનમાં બેસવાનું.



ઊંઘની ને બીજી નબળાઇઓની ચિંતા કરવાથી ઊંઘનું અને અંધકારનું જ ધ્યાન કર્યા કરશો. તો પ્રકાશનો વિચાર કરવાનો તમને વખત જ નહીં મળે." "તે દિવસથી મેં ફાવે તેટલું ઊંઘવા માંડયું, કહો તમારી કવિતામાં હું ઊંઘણશી છું એવું લખ્યું છે? હું ક્રોધી છું એવું તમે લખ્યું છે?" ત્યાં ભક્તોએ કહ્યું, "તમે કોઇ વાર ગુસ્સે થઇ જાઓ છો એ લખ્યું છે." એ સાંભળી માતાજી હસી પડયાં અને કહે, "પણ માતા શા સારુ બાળક પર ગુસ્સે થાય? એને સુધારવા માટે! પાછળથી માતાના દિલમાં કે બાળકના દિલમાં કંઇ કડવાશ રહેતી નથી. મારો ગુસ્સો આવો છે."

એક વાર બેંગલોરથી એક ભક્તે શાકભાજીના ટોપલા મોકલ્યા, અને જણાવ્યું કે, પપા અને માતાજી માટે મોકલ્યા છે. માતાજી એ શાકને અડયાં નહીં. અને કહ્યું, "બીજાને મૂકીને હું કેમ ખાઇ શકું?" આવાં હતાં માતાજી. એક વાર એક ભાઇએ પ્રસાદી તરીકે સંઘરી રાખવા માતાજી પાસે તેમની પહેરેલી સાડી માંગી. માતાજી પાસે તો બે જ સાડી હતી. તેથી તેમનો ભક્ત ચાર સાડીઓ લઇ આવ્યો ને જે પસંદ પડે તે રાખી લેવા કહ્યું. માતાજી કહે, "મને પસંદગી નથી. તમે જે આપશો તે રાખીશ." ભક્ત કહે કે, "તમે મનપસંદ લઇ શકો એટલા માટે કહું છું." તો માતાજી કહે, "મને ચારે પસંદ છે ભક્ત કહે તો ચારે રાખી લો." બીજા એક ભક્તે કહ્યું, "પણ માતાજી રાખશે એક જ સાડી, બીજી કોઇને દઇ દેશે. કોને આપવી તેય અત્યારથી તેમના મનમાં હશે." આ બતાવે છે માતાજી કેવા અપરિગ્રહી અને ઉદાર હતાં. માતાજીને મૂંગા પ્રાણીઓ પ્રત્યે કેટલી હમદર્દી ને પ્રેમ હતો. તે નીચેના દાખલા પરથી જોઇ શકાય છે. એક વાર આશ્રમમાં

માતાજી પાસે ફરિયાદ આવી કે ગોવિંદનામનો બળદ ગાડાવાળા અહમદને જોઈને એને મારવા પ્રયત્ન કરે છે. તેથી ગાડું સ્ટેશને મોકલી શકાયું નથી, વાત એમ હતી કે માતાજીએ બળદની જોડીની દેખતા ગાડું અને બળદો અહમદને આપી દેવાની વાત કરી હતી. ત્યારે જ બંને બળદો આંખ પહોળી કરી, કાન ઊંચા કરીને તેઓની સામે જોઇ રહ્યા હતા. પછી માતાજીએ કહ્યું, "જ્યારે પણ ગૌશાળામાં જાઉં અને બળદ કે આખલાને વેંચી દઇ ગૌશાળામાં જગ્યા કરવાનો વિચાર કરું છું ત્યારે પ્રાણીઓ માથું ઊંચુ કરી ગુસ્સાભરી નજરે મારી સામે જુએ છે, અને જાણે કહે છે કે, "આ આશ્રમમાં રહેવાનો શું તને એકલીને અધિકાર છે? અમને નથી? આમ વિચારોની પણ તેમની પર અસર થાય છે." બીજી એકવાર એક ભાઇને આશ્રમની ગાય આપી હતી. તે ભાઇ જ્યારે આશ્રમની વિરુદ્ધ ગયા ત્યારે ગાયે પાણી પીવાનો પણ ઇન્કાર કર્યો હતો, પણ જો એ આ આશ્રમમાં આવે તો ધરાઇને પીતી હતી. તો કહે, "મેં તો મારા અહમને એવું નાનું બનાવ્યું છે કે એ જીવમાત્રને પોતાની બાથમાં સમાવી દે છે?

માતાજી પોતાના અનુભવની વાત કરતાં કે, "સાક્ષાત્કાર કરવા નામરૂપથી પર રહેવું પડે છે, પોતાના નામરૂપથી પણ પર! પણ સાક્ષાત્કાર થયા પછી કશું જ મારા પ્રેમના વર્તુળની બહાર રહી શકતું નથી." કોઇએ માતાજીને બીક લાગે છે કે નહિ તેવો પ્રશ્ન પૂછ્યો. ત્યારે માતાજીએ કહ્યું, "પહેલાં મારી બીક શરીરને લાગતી હતી, પણ હવે બીક અને હું એક છીએ, કારણ કે હું બધું જ છું. તો બીક પણ હું જ છું ને? છતાં હું એનાથી ભિન્ન છું." છેલ્લે એક વાત કરીએ, એક વાર માતાજીએ સાધુસંત, ગરીબોને



કપડાં આપ્યાં તેનું બીલ પાંચસો રૂપિયા આવ્યું. તો માતાજી કહે કે, "એક મહિનાનું સવાસો બીલ કહેવાય," ત્યાર પછી કાર્યકર્તાએ સમજાવ્યું કે, કુલ બધા મળીને બે હજાર થયા છે, ત્યારે પપા રામદાસ ખૂબ હસતા હસતા કહે, "તમે તમારી મરજી પ્રમાણે છૂટે હાથે વાપરો છો. વાપરો છો તેમાં નવાઇ નથી કારણ, તમે આખું વિશ્વ ચલાવો છો, પણ જેમ તમે આપો છો તેમ તમારે મેળવવું પણ જોઇએ." ત્યારે માતાજીએ કહ્યું, "મેળવવાનું કામ તમારું છે. હું માત્ર આપી શકું છું." પપા ઘણીવાર કહેતા કે, "જો માતાજીનાં હાથમાં રિઝર્વ બેન્ક આવે તો તેને પણ દેવાળુ કાઢવું પડે. અરે, ખુદ કુબેર ભંડારી પણ માતાજીના ખજાનચી થવાની હિંમત કરે તો હાથમાં શકોરું લઇને ભીખ માગવાનો વખત આવે." માતાજી પોતે એટલા કોમળ હૃદયનાં હતાં કે કોઇનું દુઃખ ન જોઇ શકે. ખુદ પોતે સેવા કરવા તૈયાર થાય અગ્નિસંસ્કાર માટે સ્મશાનમાં પણ જતાં. આમાં હતું માતાજીનું માતાજીપણું.


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

ભગવાને મનુષ્યદેહમાં ત્રણ વસ્તુઓ આપી છે. એ છે શરીર, ઇન્દ્રિયો અને મન. આ ત્રણે વચ્ચે સંવાદ સાધી તેમનો શ્રેષ્ઠ વિકાસ કરવાની ક્ષમતા કેવળ યોગદ્વારા જ થઇ શકે છે. એટલે તેને કોઇ જાતિ, દેશ કે સંપ્રદાય સાથે સંબંધ નથી. હરેક મનુષ્ય સ્ત્રી કે પુરુષ–તેની મારફત વિકાસ સાધી આત્મકલ્યાણ પ્રાપ્ત કરી શકે છે.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩



# ખૂલ્યો ખજાનો પરમાત્માનો–૧

ડો. બી. જે. જાગાણી

પરમાત્માની લીલા અપરંપાર છે. સ્થૂળ જગત અને સૂક્ષ્મ જગતના રહસ્યો માનવ પામવા મથામણ કરે છે. સ્થૂળ જગતના રહસ્યો સ્થૂળ આંખે ને સ્થૂળ શરીરે જોઇ શકાય છે, પણ સૂક્ષ્મ જગતનાં રહસ્યો સ્થૂળ શરીરે જોઇ શકાતાં નથી. એ માટે સૂક્ષ્મ જગતના અનુભવીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી હકીકતો જ્યારે જાણવામાં આવે છે ત્યારે ખ્યાલ આવે છે કે પરમાત્માનો ખજાનો ઘણો રહસ્યમય અને વૈવિધ્યપૂર્ણ છે.

સને ૧૯૩૧ ના એપ્રિલ થી જુલાઇ માસ દરમ્યાન સ્વર્ગસ્થ શ્રીમતી દુર્ગા મથરાણીએ પોતાનાં પતિના માધ્યમદ્વારા જે સંદેશાઓ લખેલ તેમાંથી ચૂંટી કાઢીને સૂક્ષ્મ જગતની હકીકતો અહીં રજૂ કરીએ છીએ.

૧૯૩૦ ના ઓગષ્ટ માસમાં, તેઓનો સ્વર્ગવાસ થયો. શ્રીમતી દુર્ગાદેવીના મૃત્યુ પછી તુરત જ તેમના પતિ શ્રી એ. પી. મથરાણીએ "આપમેળે લેખન" (Media mystic Writing) થાય તેવી શક્તિ કેળવી કે જેથી સૂક્ષ્મ જગતમાંથી આવતા સંદેશાઓ ઝીલી શકે. મથરાણી વ્યવસાયે ઇજનેર હતા, તેમ જ સિંધના પ્રતિષ્ઠિત કુટુંબના વડીલ નબીરા હતા. તેઓમાં આ આપમેળે થતા લખાણની શક્તિ ૧૯૩૫ ના પ્રારંભ સુધી જ ટકી. શ્રીમતી દુર્ગાદેવીનું ભૌતિકશરીર શાંત થયું ત્યાર પછી તેણીએ માર્ગદર્શક દૂતોની સહાયથી વિવિધ સ્વર્ગોનો પ્રવાસ ખેડયો. આ પ્રવાસનું વર્ણન શ્રી એ. પી. મથરાણીના આપોઆપ થતા લખાણમાં રજૂ થયું છે.

૧. **મૃત્યુની ઘટના–સૂક્ષ્મશરીર છૂટું પડવાની પ્રક્રિયા:**–મૃત્યુ વખતે જ્યારે આપણે ભૌતિક(સ્થૂળ)શરીર ત્યજી રહ્યાં હોઇએ છીએ ત્યારે આપણા કેટલાક સગાંઓ તેમ જ મિત્રો આપણી શૈયા પાસે આવે છે. અને જેવો આત્મા શરીરમાંથી બહાર નીકળી જાય કે તુરત જ તેઓ (દૂતો) શરીરમાંથી છૂટા પડેલ આત્માને સૂક્ષ્મ જગતમાં પોતાની સાથે દોરી જાય છે.

૨. **સૂક્ષ્મશરીરની સ્થિતિ:**–ભૌતિકશરીર જેવી અવસ્થામાં છૂટયું હોય છે તેવી અવસ્થાની અસર થોડા સમય માટે સૂક્ષ્મ-શરીર પર રહે છે. વૃદ્ધ માણસનું સૂક્ષ્મશરીર વૃદ્ધ, બાળકનું સૂક્ષ્મશરીર બાળક જેવું, યુવાન માણસનું સૂક્ષ્મશરીર યુવાન, રોગી માણસનું સૂક્ષ્મશરીર રોગી રહે છે. પરંતુ થોડા સમય બાદ સૂક્ષ્મશરીરમાં વાર્ધક્ય, રોગ, બાળપણ વગેરે જતાં રહે છે. અને યુવાનીમાં હોય તેવું સૂક્ષ્મશરીર ધારણ કરે છે. દુર્ગાદેવીના સંદેશાઓદ્વારા જાણવા મળે છે કે, "અહીં બધા આત્માઓ પુખ્ત વયના યુવાન છોકરા અથવા છોકરીઓના જેવા જણાય છે. કેટલીક ક્રિયાઓમાંથી પસાર થવાના પરિણામે તેઓ યુવાન થાય છે. આ ક્રિયાઓ સમજાવવી અઘરી છે. પરંતુ તમારા માટે એટલું સાચું કે ઘરડાંઓ યુવાન થાય છે."

૩. **આત્માની સ્થિતિ:**–આ સૂક્ષ્મ જગતમાં આવેલા નવા સૂક્ષ્મદેહધારી આત્માને શરૂઆતમાં ગમતું નથી. પોતાના ભૌતિક-શરીરનો ત્યાગ કર્યો છે અને તેને કોઇ પણ ઉપાયે પાછું મેળવવું જોઇએ તેવી મથામણ કરે છે. પણ તે ભૌતિકશરીર ક્યારેય પાછું મળવાનું નથી તે સત્યનો સ્વીકાર કરતાં તેને થોડો સમય લાગે છે. પોતાને ભૌતિકશરીરનો લગાવ કેટલા સમયમાં દૂર થશે તે અંગે કોઇ ચોક્કસ નિયમો નથી, પણ અલગ અલગ પરિ-



સ્થિતિમાંથી આવતા આત્માઓને અલગ અલગ સમય લાગે છે. એક જર્મન સેનાપતિ પ્રથમ વિશ્વયુદ્ધમાં મૃત્યુ પામેલ. સૂક્ષ્મશરીર-ધારી સ્થિતિમાં તે એક વર્ષસુધી એવું માનતો કે પોતે હજુ રણમેદાન ઉપર જ છે.

૪. **મરણોત્તર વિધિની મહત્તા:**–ભૌતિકશરીર છૂટયા પછી સૂક્ષ્મશરીરધારી આત્માને વિવિધ લોકમાં સડસડાટ ગતિ મળે તે માટે તેરમાના દિવસે જે સરવણીની ક્રિયાઓ તેમ જ પ્રાર્થના-ઓ વગેરે કરવામાં આવે છે, તે ખૂબ જ ઉપયોગી થાય છે. પારલૌકિક દુનિયામાં પોતાની જાતને બંધબેસતી કરવામાં તે સહાયરૂપ બને છે.

૫. **સૂક્ષ્મશરીર માટે વસ્ત્રો:**–ભૌતિકશરીર છૂટયાં પછી થોડા સમય માટે ભૌતિકશરીરે જેવાં કપડાં પહેર્યાં હોય તેવાં કપડાં સૂક્ષ્મશરીર પર રહે છે, પણ ત્યારબાદ મૂળ પોષાકને સ્થાને આખા શરીરને લપેટતા એક લૂગડાંનો ટૂકડો મળે છે. આ કપડાંનો ટૂકડો અપાર્થિવ તત્ત્વોમાંથી બનાવવામાં આવેલ હોય છે. ઉપરના સ્વર્ગમાં જ્યારે યાત્રા કરવામાં આવે છે ત્યારે કપડાંનો ટૂકડો વધારે ચળકતો આપવામાં આવે છે.

૬. **ચારિત્ર્યનું પરિક્ષણ:**–સૂક્ષ્મશરીર સાથે વૃત્તિઓ, ભાવો, લાગણીઓ, પ્રબળ ઇચ્છાઓ, રાગદ્વેષ સર્વ દ્વંદ્વો વગેરે રહે છે અને તેના આધારે ધર્મરાજાના દરબારમાં પ્રવેશતા સૂક્ષ્મદેહધારી આત્માની કસોટી–પરિક્ષણ થાય છે. આ દરબારમાં અપાર્થિવ તત્ત્વોમાંથી બનાવેલ દિવાલો હોય છે. આ દિવાલો સમક્ષ સૂક્ષ્મ-શરીર હાજર થાય ત્યારે દિવાલો ને સ્તંભોમાં પ્રતિક્રિયાઓ થાય છે અને રંગબેરંગી પ્રતિબિંબોનું સ્વરૂપ ધારણ કરે છે. લાયકાત

મુજબ સૂક્ષ્મશરીરધારી આત્માની સંભાળની જવાબદારી દેવદૂતો-ને સોંપવામાં આવે છે. વ્યક્તિઓની વૃત્તિઓની યોગ્ય ચકાસણી પછી સ્વર્ગમાં અથવા નરકમાં મોકલવામાં આવે છે. કેટલાંક સૂક્ષ્મદેહધારીઓને ફરી ચકાસણી કરવામાં ન આવે ત્યાંસુધી પૃથ્વી ને સ્વર્ગ વચ્ચેના વચલા પ્રદેશોમાં રાખવામાં આવે છે.

### સ્વર્ગ–પહેલું

પહેલાં પ્રકારનાં સ્વર્ગમાં પ્રદેશની ભૌગોલિક સ્થિતિ, વ્યક્તિનું જીવન, પ્રવૃત્તિઓ, સૂક્ષ્મદેહધારી આત્માને તાલીમ વગેરે કેવાં છે તેનું વર્ણન પણ દુર્ગાદેવીદ્વારા કરવામાં આવ્યું છે.

**૧. સ્વર્ગમાં પ્રદેશની વિશેષતા:**–પ્રથમ પ્રકારનાં સ્વર્ગમાં પર્વતો, વૃક્ષો, બગીચાઓ, ફૂલો અને સુંદર સ્થાનો છે. સુંદર હરિયાળીવાળા ડુંગરો, આકાશ તરફ ઊંચે ઊઠેલા છે. અમૃતજેવા પાણીવાળા ફુવારા પણ છે. વૃક્ષો ઊંચા અને ભવ્ય લાગે છે. મીઠી સુવાસ પ્રસરાવતાં સુંદર પુષ્પો પણ અહીં છે. અતિ સુંદર ને મોટાં ગુલાબનાં પુષ્પો પણ છે. એમાંના કેટલાંક ગુલાબનાં ફૂલો તો બે ફૂટના વ્યાસવાળાં છે.

આ સ્વર્ગમાં જે વિવિધ પ્રકારના પ્રકાશના રંગો જોવામાં આવે છે તેમાં પ્રધાનપણે ગુલાબી અને ભૂરા હોય છે. દેવદૂતોના શરીરમાંથી ગુલાબી પ્રકાશ રેલાતો જણાય છે, જ્યારે નવા આગંતુક આત્માઓ અથવા જૂના રહેવાસી આત્માઓના શરીરમાં પીળો પ્રકાશ બહાર નીકળતો જણાય છે.

**૨. સ્વર્ગમાં વ્યક્તિગત જીવન:**–આ સ્વર્ગમાં આવેલ આત્મા-ઓને રહેવા માટે મકાનો હોય છે. દરેક ઘરને છ ઓરડા હોય છે અને મોટાભાગે, તેમાં એક કુટુંબના આત્માઓ સમૂહમાં રહેતા



હોય છે. દરેક ઘરના આ છ ઓરડાઓમાંથી, એકમાં બાળકો ને મા–બાપ સાથે રહેતા હોય છે. જ્યારે બીજો ઓરડો પતિ–પત્ની ઉપયોગમાં લેતાં હોય છે. ત્રીજા ઓરડાનો ઉપયોગ એકાંતમાં સમય નિર્ગમન માટે કરવામાં આવે છે. બાકીના બીજા ત્રણ ઓરડાઓ પ્રાર્થના, શિક્ષણ અને દેવદૂતો સાથે મિલન જેવી ઉપયોગી સામૂહિક પ્રવૃત્તિઓ માટે વાપરવામાં આવે છે. સ્વર્ગમાં ઘરો તૈયાર જ હોય છે જે આત્માઓને તે ઘરો ફાળવવામાં આવે છે, તેમને માટે બનાવવામાં કે બાંધવામાં આવતાં નથી.

પતિ–પત્ની સાથે રહેવા છતાં, કોઇ લાગ્નિક પ્રવૃત્તિ કે પરસ્પરના સંબંધો હોતા નથી; કારણ કે લાગ્નિક (લગ્ન સંબંધી) સંબંધો માટે ભૌતિકશરીરોની આવશ્યકતા રહે છે. આથી ત્યાં તેઓમાં પરસ્પર કેવળ લાગણી જ પ્રવર્તતી હોય છે. આત્માઓ સૂક્ષ્મદેહધારી હોવાથી પરસ્પર અડકી શકતા નથી. તેમ છતાં આત્માઓ એકબીજાને જોઇ શકતા હોવાથી લગ્નવિષયક લાગણીઓનો અનુભવ કરી શકે છે.

**૩. કુમળી વયનાં મૃત્યુ પામેલાં બાળકોની પ્રવૃત્તિ:**–નાના છોકરાં કે કુમળી વયનાં બાળકોને, તેઓના મૃત્યુ પછી, ખૂબ સંભાળપૂર્વક રાખવામાં અને ઉછેરવામાં આવે છે. તેઓના શિક્ષણ અને વિકાસ વિષે માળી જેવી રીતે બગીચાના ફૂલછોડની માવજત કરે તેવી રીતે કાળજીપૂર્વક ઉછેર કરવામાં આવે છે. જ્યાંસુધી બાળકો પુખ્ત સમજ ધરાવતાં ન થાય ત્યાંસુધી આવા પ્રકારનો ઉછેર કરવામાં આવે છે. પુખ્ત અવસ્થા પ્રાપ્ત થયા પછી, તેઓને બીજા પુખ્તતા ધરાવતા આત્માઓ સાથે હળવા–મળવા દેવામાં આવે છે. (ક્રમશઃ)

સ્વામી ભૂતેશાનંદ

# શ્રીરામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં

શ્રી યશસ્વીભાઇ ય. મહેતા

શ્રી શ્રી ઠાકુર તેના એક અંતરંગ શિષ્ય સુરેન્દ્રને ત્યાં અન્ન-પૂર્ણા–પૂજાના અવસર પ્રસંગે નિમંત્રિત થઇને પધાર્યા છે. બેઠા કે તુરત તેમને એક તકીયો અઢેલીને બેસવા આપવામાં આવ્યો. પરંતુ તેમણે તે તકીયાને, જીવતો જ ન હોય તે રીતે સન્માનપૂર્વક બાજુમાં મૂકી દીધો ને બોલ્યા. અઢેલીને બેસવાથી સારું લાગે. પણ બેસતાંવેંત અભિમાન ન હોય ત્યાંથી ફૂટી નીકળે! જાણે કઠણ ધરતીને વિંધીને બીજમાંથી કુંપળ ફૂટી! તેને વધતાં પછી વાર શી? પહેલાં મનમાં થાય કે હું સાધારણ વ્યક્તિ નથી. મહત્ત્વનો છું. આ બધા કરતાં નોખો ને મોટો!

હું બ્રાહ્મણ છું એવું અભિમાન જડમૂળથી કાઢી નાંખવા ઠાકુરે પોતાની લાંબી સાધના દરમ્યાન વધી ગયેલા વાળથી તેના ભંગી રસિકના ઘરનું આંગણું છાનામાના સારું કરી આવ્યા હતા. તેના પાયખાનાનો ડબો પોતાના માથે મૂકી સાફ કરી આવ્યા હતા. ને મા કાલીને સાષ્ટાંગ પ્રણામ કરી ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી હતી, 'મા! મારા મનમાં હું બ્રાહ્મણ એવું લેશમાત્ર અભિમાન રહેવા ન દેશો. તેને નિર્મૂળ કરી નાંખો, મા!' ભારતવર્ષના બધા નિવાસી-ઓને આ દ્વારા માત્ર એક સમાજસેવાનું કે સમાજસુધારણાનું દૃષ્ટાંત જ નહી, તેના માધ્યમદ્વારા મનમાં રહેતા અભિમાનનું નિવારણ કરવાનો તેમણે સફળ પ્રયોગ કર્યો હતો!



પોતાના વિધાનને બરાબર સમજાવવા બોલ્યા : બકરાનો વધ કરે પછી ય ક્યાંય સુધી તેના અંગ હાલે! અભિમાનને વધેરી નાંખ્યા પછી તે હાલતું–ચાલતું બંધ ન થાય! સ્વપ્નમાં ભયાનક સ્વપ્ન આવે. ઊંઘમાંથી જાગી જતાં સ્વપ્ન તો દેખાતું બંધ થઇ ગયું પણ છાતીના વધી ગયેલા ધબકારા તો બંધ થાય નહીં! અભિમાની વ્યક્તિને મોટાઇ ન મળે તો માઠું લાગે. કહે, અરે! આ તે કેવા છે? મારું માન પણ સાચવતા નથી!

કલકત્તા હાયકોર્ટના એક વકીલના મનમાં પ્રશ્ન રમી રહ્યાં છે, શું ભગવાને કેમ બધાં પ્રાણીઓને એક સમાન શક્તિ આપી નથી? તે પૂછે એ પહેલાં જ ઠાકુર બોલ્યા : વિભુરૂપે ઈશ્વર સર્વે પ્રાણીઓમાં વિરાજમાન છે તે સાચું. કેવળ ભેદ છે શક્તિનો. તેની જ શક્તિથી વિશ્વમાં સર્વત્ર કર્મ થઇ રહ્યું છે. પરંતુ શક્તિમાં ભેદ. કોઇમાં વધુ તો કોઇને ઓછી. બધાં નામરૂપમાં અભિવ્યક્તિ ભિન્ન ભિન્ન. પણ તે બધામાં રહેલી પરમાત્માની શક્તિ તે બધામાં એક ને અભિન્ન!

મેં જોયું કે તેઓ ઓશિકા જેવા. અંદર રૂ ઓછું વધતું! વળી રૂની જાતે ય ઊંચી નીચી. એક ભાઇ પૂછે છે : કહેવાય છે કે ઈશ્વરની ઇચ્છાવિના પાંદડું ય હાલે નહીં. તો પછી આપણે સારાં ખરાબ કર્મ કરીએ તો તેની જવાબદારી આપણી શી રીતે? ઠાકુર કહે છે : ઈશ્વર જ બધાં કર્મોના કર્તા એમ બોલવાથી શું વળ્યું. એ અનુભવ તો બહુ આઘે, મન પૂરું પવિત્ર થાય ત્યારે જ ખાત્રી થાય. કે દરેક માણસ તો નિમિત્તમાત્ર! પણ તેવી ઊંચી સ્થિતિ, અવસ્થા થયા બાદ જ! દરમ્યાનમાં તો હું કર્તા, હું ભોક્તા એવું અભિમાન અજ્ઞાનમાં હોય ત્યાંસુધી તો ખરું જ! ખોટાં, નિષિદ્ધ

કર્મો કરતા પહેલાં આ અજ્ઞાનવાસ રહે. ને પાપપુણ્ય મારે જ ભોગવવાનાં છે એવો ભય રહે! અઠંગ નર્તકની સામાન્ય ચાલ બેતાલ ન પડે. બીજા ગમે તેટલો ખ્યાલ રાખે તો ય બેતાલ પડયા વિના ન રહે. એટલે કે નિમિત્ત મળતાં અશુદ્ધ મન હોય ત્યારે માણસ ખોટું કરે. એક ખોટા પાછળ તેની હારમાળા. આ ભૂલભૂલામણીમાં જીવ ત્રણેય તાપમાં બળી–જળી જાય!

અન્નપૂર્ણા–પૂજનમાં સંકીર્તન યોજાયું છે. મૃદંગ વાગે છે. પ્રથમ ચૈતન્યવંદના. ઠાકુર કહે છે : ભગવાનને અવતારોના માધ્યમદ્વારા જ જાણી શકાય છે. નરલીલાદ્વારા જ ભગવદ્‌લીલા તે જીવને સમજાવે, ભગવાનના વિરહથી વ્યાકુળ થાય ત્યારે તેનું પરિણામ મિલનમાં, યોગમાં આવે, કથા સમાપ્ત થઇ કે વારંવાર જમીન પર માથું નમાવતાં નમાવતાં 'ભાગવત–ભક્ત–ભગવાન એક" એ મંત્રનું ઉચ્ચારણ કરે છે.

દક્ષિણેશ્વર જવા માટે ઠાકુર ઊઠયા તો માતૃભક્ત સુરેન્દ્ર કહે છે : માનું એક પણ ભજન હજુ થયું નથી! સુરેન્દ્રનો ખેદ દૂર કરતાં ઠાકુર બોલ્યા : જુઓ, મા કેવી દિવ્ય છટા ધારણ કરીને બેઠી છે! આવું રૂપદર્શન છોડીને નિરાકાર રૂપનું ચિંતન કરનારા 'અચલધન' જેવા શબ્દપ્રયોગ તેને માટે કરે, તેવા શબ્દોથી તેનું રૂપ ગ્રહણ કરી શકાય? પ્રાચીન ઋષિમુનિઓની વાત જૂદી. તેઓ સર્વત્યાગી તેથી અખંડ સચ્ચિદાનંદના નિરાકાર સ્વરૂપનું ચિંતન–ધ્યાન–દર્શન કરી શકતા હતા. નિરાકાર નિરાકાર જપનારા ને કાંઇ મળતું નથી. ન બહાર ન અંદર. આમ કહી ઠાકુર ભજન ગાય છે. "મા, આનંદમયી, થઇને તમે મને નિરાનંદમાં ન ડુબાડી દ્યો." વળી ગાય છે. "મેરે મન દુર્ગા નામ જપો!"



હવે નીચે દાદર ઉતરતાં ઉતરતાં મોટેથી બોલે છે : "ઓરા... જૂ...હૈ? યા ન!" અર્થાત્ ઓ રાખાલ જૂતા બરાબર એની જગ્યાએ છે કે નહી? રામકૃષ્ણદેવની આ વિશિષ્ટતા છે, સમાધિમાં દેહની–સંસારની વિસ્મૃતિ થઇ જાય છે. પરંતુ પ્રકૃતિસ્થ થતાં જ ધરાતલ પર રહે ત્યારે ઝીણી ઝીણી બાબતો વિષે પણ અસાવધાન રહેતા નથી. કોઇનો અન્યમનસ્ક, બેધ્યાન વ્યવહાર જુએ તો નારાજ થઇ કહે છે : 'જે એક તરફ બરાબર ધ્યાન નથી આપી શકતો તે બીજી બાજુ શું આપી શકવાનો? મન પર કાબૂ નથી તેથી જ ભૂલ થાય.' ઠાકુર એવી અપેક્ષા રાખે છે કે ભક્ત મનુષ્યનું વ્યાવહારિક જીવન સુસંકલિત, સુસમ્બદ્ધ હોય તે નહી હોય તો આધ્યાત્મિક જીવન પણ એવું જ અસ્તવ્યસ્ત હશે. જેનું વ્યાવહારિક જીવન સુસમ્બદ્ધ તેની આધ્યાત્મિક સાધના ય એકદમ વ્યવસ્થિત. ભક્તોને આ રીતે તેઓ બંને બાજુની સાધનાને સમતોલ બનાવવા, સમત્વ કેળવવા નિર્દેશ આપી રહ્યા છે.

ઠાકુર ભક્ત બલરામને ઘેર આવ્યા છે. ભાગવત કથામાં હરિશ્ચંદ્ર કથાની કરુણધારાને થોડો વળાંક આપવા કથાકારને થોડો ઉદ્ધવ–સંવાદ વિષે બોલવા કહે છે. ઉદ્ધવ ગોપીઓને પૂછે છે : તમે સૌ શા માટે શ્રીકૃષ્ણ માટે આકુળવ્યાકુળ થાઓ છો? તે તો પ્રાણીમાત્રમાં બીરાજમાન છે. ગોપીઓ કહે છે : અમને તો વૃંદાવન વિહારી શ્રીકૃષ્ણ જોઇએ. ઉદ્ધવ મહાજ્ઞાની છે. સમજાવે છે : કૃષ્ણ તો સાક્ષાત્ ભગવાન. તેનું ચિંતન કરશો તો મુક્તિ–જન્મમરણના ચક્રમાંથી મુક્તિ મળી જશે, ગોપીઓ જવાબ આપે છે. 'મુક્તિની વાતો છોડો. ઉદ્ધવ છે જ્ઞાની. ગોપીઓનો મનોભાવ સમજતા નથી. ગોપીઓની ભગવાન સંન્નિધિ માટેની વ્યાકુળતા તેમને માટે બોધગમ્ય નથી, ભગવાન ધ્યાનગમ્ય, ચિંતન કરવાથી

સંસાર સાગર પાર કરી જવાય, નિત્યાનંદમાં ડૂબેલા રહી શકાય. આવી મુક્તિને ગોપીઓ કેમ ઠોકર મારે છે? તેને કેમ તુચ્છ સમજે છે? આનો જવાબ ભાગવતમાં સ્વયં ભગવાને આપ્યો છે.

सालोग्य-सार्ष्टि-सामीप्य-साराप्यैकत्वमच्युत।
दीयमानं न गहणन्ति विना मत्सेवतम् जरा॥

સાચો ભક્ત વિવિધ પ્રકારની મુક્તિનું દાન આપવા છતાં ગ્રહણ કરતો નથી. તેમાં ભગવાનની સેવાનો સુયોગ હોય તો જ તેને મુક્તિ ખપે છે. એટલે કે મુક્તિ એ તેનું ધ્યેય નથી, લક્ષ્ય નથી. તે કેવળ ઉપાય છે. નિરંતર ભગવાન સમીપે રહી તેમની સેવા માટે, જ્ઞાનીની મુક્તિમાં ભક્તનો ભગવાનમાં વિલય થઇ જાય છે. ત્યાં કોઇ સેવા માટે પાર્થક્ય–જુદાઇ–ભિન્નતા રહેતાં નથી. ભક્તને આની મુક્તિ પસંદ નથી.

ઠાકુર આ વાત સ્પષ્ટ કરવા એક પદ ગાય છે. "હું મુક્તિ આપવામાં રાજી પણ શુદ્ધ ભક્તિ આપવા ઉત્સુક નહી." ગોપીઓની રાગ–પ્રેમ–ભક્તિ–શુદ્ધ અવ્યભિચારિણી નિષ્ઠા ભક્તિ. જ્ઞાનમિશ્રિત ભક્તિ જ વ્યભિચારિણી કહેવાય. જીવ–જગત–ઈશ્વર બધું એ જ બન્યો છે. આ થઇ જ્ઞાનમિશ્રિત વ્યભિચારિણી ભક્તિ. રાગભક્તિમાં આ મિશ્રણ નહી. ઠાકુર હનુમાનજી ને વિભીષણનાં દૃષ્ટાંત આપીને વધુ સ્પષ્ટ કરે છે. હનુમાનજી દ્વારકા જાય છે. તો શ્રીકૃષ્ણનું રામરૂપમાં દર્શન માટે આગ્રહ રાખે છે, રાજસૂય યજ્ઞ પ્રસંગે બધા રાજાઓ યુધિષ્ઠિરના ચરણોમાં શિર નમાવે છે. વિભીષણ રામના ચરણોમાં શિર નમાવે છે. સ્વયં શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને પ્રણામ કરે છે ત્યારે પણ વિભીષણ તેમ કરતા નથી. વધુમાં, એક સાંસારિક દૃષ્ટાંત આપીને વધુ સ્પષ્ટતા કરતાં કહે



છે–"ઘરની વહુ સાસુ–સસરા બધાની સેવા કરે, પરંતુ પતિ-પ્રત્યેનો ભાવ બધાથી વિશિષ્ટ. ગોપીઓની ભક્તિ આવી વિશિષ્ટ શુદ્ધ ભક્તિ.

આ રાગભક્તિના બે લક્ષણ ઠાકુર બતાવતાં કહે છે, એક તો અહંતા. મારા વિના મારા પ્રભુની સેવા બીજું કોણ કરે? આ છે રાગ–રોગ. યશોદાનો આવો ભાવ. શ્રીરાધાનો ય આવો ભાવ. શ્રીકૃષ્ણ ચંદ્રાવલિ પાસે ચાલ્યા ગયા ત્યારે રાધા–રાણીને થાય છે–અરે, તે મારી જેવી શ્રીકૃષ્ણની સેવા શી રીતે કરી શકે? ભગવાનમાં આ છે મમતા. તે મારા પોતાના જ છે. 'મારો ગોપાલ' 'મારો કનૈયો' આવો ભાવ રહે. શ્રીકૃષ્ણ સંસાર–ચિંતામણી છે. મા યશોદા કહે છે–'ના મારે આ ચિંતામણિ કૃષ્ણ નહી, બાલકૃષ્ણ, ગોપાલકૃષ્ણ જોઇએ. આ છે મમત્વભાવ. દ્વારકાના લોકો કૃષ્ણ સાથે રાધાની નહિ અર્જુન સાથે કૃષ્ણની પૂજા કરાય છે. તે લોકો રાધાને માનતા નથી.' દક્ષિણમાંય રાધાની ચર્ચા નથી. ભાગવતમાં રાધાનામનો ઉલ્લેખ જોવા મળતો નથી. ભાગવતમાં શ્રીકૃષ્ણ સાથે ગોપીઓની રાસલીલાની કથા છે. રાધા આ બધામાં પ્રમુખ ગોપી છે. વૈષ્ણવજનોએ તેની જ રાધારૂપે કલ્પના કરી છે તે આ મુખ્ય ગોપીની જ છે.

[આધાર–સ્વામી ભૂતેશાનંદનો વાર્તાલાપ]

(ક્રમશઃ)

# મા સર્વેશ્વરીતીર્થનો પાટોત્સવ

આગામી નવેમ્બરની ૧૩ તારીખે રાજકોટ ખાતે મા સર્વેશ્વરીતીર્થનો ચોથો પાટોત્સવ ઉજવવાનું શ્રી જે. કે. ના મા–પરિવાર તરફથી નક્કી કરવામાં આવ્યું છે તેની વિગત આ પ્રમાણે છેઃ–

તા. ૧૨–૧૧–૯૮ ગુરુવારના સાંજના બહારગામથી આવનાર સર્વે સાધક ભાઈ–બહેનો માટે ભોજન તથા ઉતારાની વ્યવસ્થા કરી છે તે રાત્રે ભોજન બાદ ધૂન–ભજન તથા સત્સંગનો કાર્યક્રમ રહેશે.

તા. ૧૩–૧૧–૯૮ શુક્રવારના સવારના ૮ થી રાત્રિના ૮ વાગ્યા સુધી કાર્યક્રમ રહેશે. કાર્યક્રમની વિગત પૂ. માના આદેશ–આજ્ઞા મુજબ રહેશે.

તા. ૧૩–૧૧–૯૮ ના બપોરના મહાપ્રસાદની વ્યવસ્થા છે.

કાર્યક્રમ પૂરો થયા બાદ રાત્રે ૮ વાગ્યા પછી ભોજનની વ્યવસ્થા કરી છે. ને જે ભાઈબહેનોને રાત રોકાવાની ઇચ્છા હોય તેમને માટે ઉતારાની વ્યવસ્થા પણ કરી છે. તો વિનાસંકોચે આ ઉત્સવમાં ભાગ લેવા જરૂર પધારે. પૂ. મા–પ્રભુના ગુણગાન ગાવા સૌ ભાવિક ભક્તોને પૂ. માની પ્રેરણા ને કૃપાશક્તિથી માવાળા પરિવાર તરફથી ભાવભર્યું નિમંત્રણ છે. તો જરૂરથી સૌ પધારશો. જય કૃપાળુ મા.

કાર્યક્રમ સ્થળ, ભોજન સ્થળ તથા ઉતારાના નીચે પ્રમાણે સરનામા છેઃ–



**ઉતારાની વ્યવસ્થા**

સત્ય વિજય પટેલ આઇસ્ક્રીમ
"પટેલ બિલ્ડીંગ"
ગોંડલ રોડ, રાજકોટ
ફોન નં. : ૩૬૨૩૮૮, ૩૬૨૮૯૨

**કાર્યક્રમ સ્થળ**

મા સર્વેશ્વરી તીર્થ
"મા આશીર્વાદ"
એમ–૩૨, નિલકંઠ પાર્ક, નિલકંઠ સિનેમા પાસે,
દેવપરા શાળા નં. ૬૩ ની પાછળ, રાજકોટ
ફોન નં. : ૩૬૧૫૭૪


પ્રભુપ્રાપ્તિ માટે ઘર છોડવાની જરૂર નથી. જરૂર છે ફક્ત મનને સંસારથી અલિપ્ત રાખી, પ્રભુ અને પ્રભુનાં કાર્યો સાથે તેને જોડી રાખવાની. **યોગેશ્વર**

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
**"સત્યવાન" તથા "ચંદન"**
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

ભાગવતના આધારે

# ભગવાનની આરાધના

નાનાભાઈ ભટ્ટ

શુકદેવજી બોલ્યા : 'હે રાજા! તમારું આયુષ્ય સાત દિવસનું જ બાકી રહ્યું છે એમ વિચારીને તમારે શોક કરવો નહિ. કેટલાક પુરુષો વર્ષો સુધી જીવે છે ખરા પણ એ વર્ષો દરમિયાન એક દિવસનો પણ તેઓ સાચો ઉપયોગ કરી જાણતા નથી; એ જીવ્યું શા કામનું? જીવતર લાંબું ચાલે કે ટૂંકું ચાલે એ મહત્ત્વની વસ્તુ નથી, પણ જીવતરની દરેકેદરેક ક્ષણનો સાચો ઉપયોગ થાય એ મહત્ત્વની વસ્તુ છે. તમારી પાસે તો સાત મોટા દિવસો ને સાત લાંબી રાતો પડી છે. એટલા વખતમાં તમે ધારો તો તમારા સમગ્ર જીવનને સફળ કરી શકો.

'લોકો મોક્ષની મોટી મોટી વાતો કરે છે ને પછી એ મોક્ષથી જ ગભરાય છે. પણ મોક્ષ એટલે શું? મનુષ્યનું મન સંસારના વિષયોમાં ચોંટેલું છે તેને ત્યાંથી ખસેડીને ભગવાનમાં જોડવું એનું જ નામ મોક્ષ. આ સ્થિતિને મોક્ષ કહેવો હોય તો મોક્ષ કહો, સ્વરૂપપ્રાપ્તિ કહેવી હોય તો સ્વરૂપપ્રાપ્તિ કહો, વૈકુંઠવાસ કહેવો હોય તો તે કહો, જે કહેવું હોય તે કહો. બેશક, મનને ભગવાનમાં કેવી રીતે જોડવું, સંસારના વિષયોમાંથી તેને કેવી રીતે વાળવું, મનના મેલ કેવી રીતે ધોવા, આ બધી વાતો જાણવી જોઈએ. હું આ બધું તમને વિસ્તારથી જણાવીશ.'

'આ સૃષ્ટિ ક્યારે ઉત્પન્ન થઈ, આ સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન



થઈ, ભગવાનનું તાત્ત્વિક સ્વરૂપ કેવું છે, વગેરે પ્રશ્નો એટલા બધા અટપટા છે કે સાધારણ રીતે મનુષ્યની બુદ્ધિ તેમને પહોંચી શકતી નથી. મનુષ્યની બુદ્ધિને એક પ્રકારની મર્યાદા છે; એ મર્યાદામાં રહીને જ મનુષ્ય ભગવાન સંબંધે ખુલાસા કરી શકે છે. તેમ છતાં આ સૃષ્ટિમાં માનવી પેદા થયો ત્યારથી આજ સુધી ઉપર જણાવ્યા તેવા પ્રશ્નોએ તેને મૂંઝવ્યો છે; મૂંઝાયેલા માનવીના મનના સમાધાન માટે આર્ષદ્રષ્ટાઓએ જુદાં જુદાં રૂપકો આપીને એ વાતો સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. પણ આવાં રૂપકોને વાણીમાં ગોઠવવામાં હોય ત્યારે રૂપકો આ સંસારનાં ને વાણી પણ આપણા વ્યવહારની, તેથી બિચારાં રૂપકોનું અનંત ભગવાનને પહોંચવાનું શું ગજું? છતાં આવાં રૂપકોની મદદથી માનવી નિરંતર આગળ વધે છે ને આખરે ભગવાનના તાત્ત્વિક સ્વરૂપને સ્વાનુભવથી ઓળખે છે.'

'દુનિયાના નાસ્તિક લોકો ગમે તેમ કહેતા હોય, પણ મહારાજ પરીક્ષિત! માનવીના મનને ઈશ્વરના જેવા કોઈ આલંબન વિના ચેન પડયું નથી તેમ પડવાનું પણ નથી. આ ચૌદ બ્રહ્માંડરૂપી વિરાટ્ એ ભગવાનનો સ્થૂળ દેહ છે; આ અનંત આકાશ, આ અસંખ્ય તારામંડળો, આ પારવિનાનાં નક્ષત્રો, અતિશય વેગવાળા હોવા છતાં જેના પ્રકાશ હજી આપણી પૃથ્વી પર પહોંચ્યા નથી એવા કરોડો સૂર્યો, અનેક સૃષ્ટિઓની જનની આ આકાશગંગા, આ મહાસાગરો, આ પર્વતો, આ નદીઓ, આ વિશાળ પૃથ્વી : આ બધાં ય પરમ પુરુષની સત્તાથી કામ કરી રહ્યાં છે. આ જ ભગવાનનો સ્થૂળ દેહ છે. ભગવાનનાં દર્શન કરવા માટે બીજા કોઈ મંદિરની કે મૂર્તિની શી જરૂર છે? આ વિશ્વમાં જે જે જડચેતન પદાર્થોને આપણે જોઈએ છીએ તે બધાયમાં એક જ પરમતત્ત્વ

વ્યાપી રહેલું છે. ભગવાનનાં દર્શન કરવા માટે કોઇ ગુફામાં જવાની જરૂર નથી. શું પાતાળ એ જ ભગવાનના પગનાં તળિયાં નથી? શું સ્વર્ગ એ જ ભગવાનની છાતી નથી? શું સત્યલોક એ જ ભગવાનનું મસ્તક નથી? મહારાજ પરીક્ષિત! આ બ્રાહ્મણો પરમાત્માનું મુખ છે, આ ક્ષત્રિયો તેના બાહુ છે, આ વૈશ્યો તેમની જાંઘ છે, આ શૂદ્રો તેમના ચરણો છે. ભગવાનના આ સ્થૂળ દેહનું ધ્યાન કરવું, તેની ધારણા કરવી, તેમાં જ મનને જોડવું, એ ભગવાનને પામવાનો માર્ગ છે. જે લોકો વિરાટ્ ભગવાનનું આવું સ્વરૂપ સમજ્યા વિના જડની માફક માત્ર યજ્ઞયાગાદિ કર્મો કર્યે જાય છે તેમને ભગવાનનું આવું સ્વરૂપ ભાગ્યે જ સમજાય છે.'

'હે પરીક્ષિત! આટલું ભગવાનના વિરાટ્ દેહ વિષે જે લોકોનાં મન કવિઓની માફક કલ્પનામાં ઉડવાની શક્તિ ધરાવે છે તેમને ભગવાનનું આ સ્વરૂપ વધારે આકર્ષક લાગે છે. પરંતુ એવા પણ લોકો પડયા છે જે ભગવાનને મનુષ્યરૂપે જ ભજી શકે. આવા લોકોને ભગવાનનો માનવ દેહ જ વધારે આકર્ષક લાગે છે. તેમના મનનો બંધાર જ એવો હોય છે કે તેમને માનવદેહમાં જ આત્મીયતા પ્રગટે. મહારાજ! માણસ કલ્પનામાં ગમે તેટલો ઉડવા જાય તોપણ પોતાના માનવી ભાવને શી રીતે છોડી શકે? કેવળ માનવી–ભાવ વિહોણું ઈશ્વરસ્વરૂપ માનવી માટે શક્ય નથી. આવા માનસવાળા ભક્તો માટે ભગવાનનું ચતુર્ભુજ સ્વરૂપ છે. આવા ભક્તો એ ચતુર્ભુજસ્વરૂપનું ધ્યાન કરીને કૃતાર્થ થાય છે. પ્રસન્નવદનવાળા, કમળના જેવાં વિશાળ નેત્રોવાળા, પીળાં રેશમી વસ્ત્રો ધારણ કરનારા, કાનમાં કુંડળો ધારણ કરનારા ને કંઠમાં વનમાળા પહેરનારા એવા મનોહર ભગવાનની મૂર્તિ આવા ભક્તોને વધારે આકર્ષક લાગે છે. ભગવાનનું આ સ્વરૂપ પણ



કલ્પનામાં જ ઉદ્‌ભવ્યું છે, ને એ કલ્પના પાછળ મોટું રહસ્ય છે એ તમે સહેજે સમજી શકશો. ભગવાનના તે તે અવયવો ને તે તે આભૂષણો પરમાત્માના સ્વરૂપના અમુક અમુક અંશને ઉદ્દેશની યોજવામાં આવ્યાં છે. ભગવાનના સ્વરૂપની આ ઉપાસના પણ આખરે કલ્યાણ તરફ લઇ જાય છે. છતાં મહારાજ પરીક્ષિત! મારે તમને ફરી ફરીને કહેવું જોઇએ કે ભગવાનના ખરા સ્વરૂપને કોઇએ જાણ્યું નથી, ને જેમણે જાણ્યું છે તેઓ તેને શબ્દોમાં ઉતારી શક્યા નથી. વાણીમાત્રના મૂળમાં રહેલા પ્રભુને આ બિચારી વૈખરી શી રીતે યથાર્થ વર્ણવી શકે? ત્યાં તો વેદો પણ નેતિ નેતિ કહીને થંભી જાય છે.'

'ભગવાન આ જગતને કેવી રીતે સરજે છે, તેનું કેવી રીતે પાલન કરે છે ને તેનો કેવી રીતે સંહાર કરે છે, તે હું તમને જણાવું. તત્ત્વદૃષ્ટિથી બોલવા જઇએ તો તો અખિલ બ્રહ્માંડમાં એક પરમતત્ત્વ સિવાય બીજું કશું ય છે જ નહિ. તમે પરીક્ષિત મહારાજ, હું શુકદેવ, આ બધા બ્રાહ્મણો, આ વિશ્વ, આ 'હું', આ 'તું', આ 'તે' : આ બધો ય વાણીવ્યવહાર કેવળ એ પરમતત્ત્વને લઇને જ ચાલી રહ્યો છે. એ પરમતત્ત્વને જ્ઞાની લોકો બ્રહ્મ કહે છે. ખરી રીતે આ વિશ્વને કોઇએ કોઇ દિવસ સર્જ્યું જ નથી; સર્જવું, પાળવું, સંહાર કરવો, એ બધી વાતો આપણે કોણ જાણે ક્યાંથી ઊભી કરી છે! આ વાત એક ઉદાહરણથી વધારે સમજાશે. કોઇ અજાણ્યો માણસ ખાર પ્રદેશમાં જાય ને ત્યાં ઝાંઝવાનાં પાણી જુએ તો એ સાચે જ પાણી છે એવો તેને ભ્રમ થાય, અને એ પાણી લેવા માટે એ દોડે પણ ખરો. પરંતુ જાણકાર માણસ ઝાંઝવાને જુએ તોપણ એ સાચું પાણી છે એમ માનતો નથી. તે જ પ્રમાણે અજ્ઞાની માણસોને આ સૃષ્ટિ વગેરે દેખાયા કરે છે ને

તેથી એ જાતનો વ્યવહાર પણ કરે છે. પરંતુ જ્ઞાનીને તો ચારે ય બાજુ એક પરમતત્ત્વ જ દેખાય છે.

'છતાં, મહારાજ! હું અત્યારે તમારી સાથે વાત કરી રહ્યો છું ને તમે મને સાંભળી રહ્યા છો એ પણ આ દશામાં સત્ય છે એમ માનીને જો મારે બોલવું હોય તો હું એમ જ કહું કે ભગવાને આ જગતને સર્જ્યું છે, ભગવાન જ તેનું પાલન કરે છે અને ભગવાન જ તેનો સંહાર કરે છે. સૃષ્ટિની ઉત્પત્તિને સાચી માનીએ ત્યાર પછી જ એ ઉત્પત્તિની વિગતોમાં ઉતરી શકાય. આવી વિગતો માટે એમ પણ કહી શકાય કે એ વિગતો નક્કી કરવાનું કામ ભૌતિકશાસ્ત્રોનું છે, આધ્યાત્મિક શાસ્ત્રોનું નથી. અધ્યાત્મશાસ્ત્ર તો જ્યાં ભૌતિકશાસ્ત્ર થાકીને અટકે ત્યાંથી શરૂ થાય છે. પણ અધ્યાત્મશાસ્ત્ર અત્યંત ભાર દઈને જણાવે છે કે આ સમગ્ર વિશ્વ એક પરમતત્ત્વમાંથી ઉદ્‌ભવ્યું છે, તેમાં જ ટકી રહ્યું છે ને આખરે તેમાં જ લય પામે છે.'

'એક વાર શેષશાયી ભગવાન ચૌદ બ્રહ્માંડને સંકેલીને ક્ષીરસાગરમાં પોઢતા હતા. તેમની નાભમાંથી એક કમળ ઉત્પન્ન થયું ને એ કમળમાં બ્રહ્મા બેઠા હતા. અહીં બેઠાં બેઠાં બ્રહ્માએ જગતને ઉત્પન્ન કરવાનો વિચાર કર્યો પણ જગતની રચના કરી શક્યા નહિ, એટલે ચિંતામાં પડ્યા. એવામાં સરોવરના પાણીમાંથી ત...પ... એવો શબ્દ તેમણે બે વાર સાંભળ્યો. 'તું તપ કર' એ પ્રમાણે કેમ જાણે કોઈ બ્રહ્માને આજ્ઞા કરે છે એમ તેમને લાગ્યું, એટલે બ્રહ્માએ એકાગ્ર મનથી દશ હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી; પરિણામે બ્રહ્માને વિષ્ણુનાં દર્શન થયાં ને તેમની આંખોમાંથી પ્રેમનાં આંસુ વહેવા લાગ્યાં. વિષ્ણુએ બ્રહ્માને કહ્યું : "બ્રહ્મા!



તમારું કલ્યાણ થાઓ. તમને તપ કરવાનો આદેશ મેં જ આપ્યો હતો. તપશ્ચર્યા વિના કોઈ પણ પ્રકારનું નવસર્જન થઈ શકતું જ નથી. તપ એ મારું હૃદય છે, ને હું જ તપનો આત્મા છું. તમારી તપશ્ચર્યાથી હું પ્રસન્ન થયો છું. તમારી જેવી ઇચ્છા હોય તેવો વર માગો."

વિષ્ણુનાં આવાં વચનો સાંભળીને બ્રહ્મા હર્ષથી ગળગળા થઈ ગયા ને બોલ્યા : 'હે પ્રભુ! આપ સત્યસંકલ્પ છો. આપના ખરા સ્વરૂપનું મને જ્ઞાન થાય એમ કરો. હું સર્જન કરીશ પણ તે આપની આજ્ઞાથી જ. પાણીમાંથી નીકળતી આપની આજ્ઞા મારે કાને પડી તે પહેલાં હું એમ જ માનતો હતો કે હું પોતે સ્વતંત્ર સર્જન કરનારો છું, ને મારો કોઈ નિયંતા નથી. મને એ અભિમાન આવ્યું એટલે તો સર્જન કરવાની મારી તમામ શક્તિને હું ગુમાવી બેઠો ને છેક વિચારમૂઢ બની ગયો. આપે મને તપશ્ચર્યા કરવાની આજ્ઞા કરી ને એ તપશ્ચર્યાને પરિણામે હું મારી શક્તિ પાછી મેળવી શક્યો છું, એ આપની મોટી કૃપા. પ્રભુ! આપનાથી સ્વતંત્ર એવો હું સ્રષ્ટા છું એવું અભિમાન મને કદી ન થાઓ એ જ વર આપની પાસે માગું છું."

"તથાસ્તુ! કહી વિષ્ણુ અંતર્ધાન થયા ને બ્રહ્મા સૃષ્ટિને રચવાના કામમાં પડ્યા."

# શ્રી ઈંદિરાદેવી

મૂળ લેખક : દિલીપકુમાર રોય
સંકલન : ઝિઝુવાડિયા કનૈયાલાલ

શ્રી દિલીપકુમાર રોય પર શ્રી અરવિંદનાં પત્રો. સાતમી મે ૧૯૫૦.

મીરાંબાઇ પ્રગટ થઇ ભજનો ગાય એ અસંભવિત નથી.

'ઇંદિરાની ધ્યાનાવસ્થામાં મીરાંબાઇ આ રીતે પ્રગટ થાય એમાં કંઇ અસંભવિત નથી. કારણ મીરાંબાઇ હજી પણ આ દુનિયાની સાથે પૂરતા સંપર્કમાં હોઇ શકે છે, જેથી કરીને તે કૃષ્ણ જ્યાં પ્રગટ થાય ત્યાં કૃષ્ણની સાથે ને સાથે રહી શકે! એટલે ઇંદિરા સમક્ષ એ પ્રગટ થાય અને ભજન ગાય એમાં કંઇ અસંભવિત નથી. ઇંદિરા સામાન્ય રીતે હિંદીથી પરિચિત નથી, અને હિંદીમાં લખવાની એને ટેવ નથી. એ જોતાં ઇંદિરાએ હિંદીમાં લખ્યું એ મીરાંબાઇની અસર હેઠળ જ લખ્યું છે, અને મીરાંબાઇની હાજરીનો તથા ઇંદિરા પર તેણે પાડેલા પ્રભાવનો એ ઠીક ઠીક મજબૂત પૂરાવો છે એ વિષે શંકા નથી.'

જૂનની બીજી તારીખે એમણે આગળ વધીને લખ્યું:-

'ઇંદિરા સમક્ષ મીરાંબાઇ પ્રગટ થાય છે, અને ઇંદિરાને હિંદી ભજનોની પ્રેરણા મીરાંબાઇ પાસેથી મળે છે એ સ્પષ્ટ છે. ઇંદિરાની ચેતના અને મીરાંબાઇની ચેતના, સાધારણ માનવીનું મન ન પહોંચી શકે એવી કોઇ ભૂમિકા પર સહકાર સાધી રહેલ છે, વળી આ ભ્રમણા નથી, પણ સત્ય છે, જો ભ્રમણા હોત તો જે



રીતે બને છે તે રીતે કશું જ બની શક્યું ન હોત. યોગભૂમિકા પર આવા બનાવો બને જ છે, એમાં કંઇ નવું નથી કે અપૂર્વ નથી.'

અને છેલ્લે ૧૧ મી જૂનનો કાગળ (૧૯૫૦).

'આખોય ચમત્કાર વિશ્વાસ બેસે તેવો છે.'

(પાંચમી ડીસેમ્બર, ૧૯૫૦ ના રોજ શ્રી અરવિંદ મહા-નિર્વાણ પામ્યા).

'ઇંદિરાદ્વારા મીરાંબાઇએ જ આ ભજનો લખ્યા છે એટલું તો ચોખ્ખું દેખાય છે. ગમે તેમ, પણ ભજનો, સુંદર છે, અને પોતાને જે ભાષા બરાબર આવડતી પણ નથી તે ભાષામાં ઇંદિરા લખે એ આખોય ચમત્કાર ખરેખર નોંધપાત્ર છે, અને આખીય વાત પર વિશ્વાસ બેસે એવો છે.' (શ્રી અરવિંદ)

સાથે સાથે, હું કલકત્તા સાઇકિક રિસર્ચ સોસાયટીના મંત્રી શ્રી સરોજ ચૌધરીના બે હેવાલો નીચે ઉતારું છું. આ હેવાલો તેમણે શ્રી વીરેન્દ્ર કિશોરરાય ચૌધરીને મોકલેલા, જેમણે તે મને મોકલવાની કૃપા કરી હતી. (શ્રી દિલીપકુમાર રોય).

શ્રી વીરેન્દ્ર કિશોરરાય ચૌધરીએ શ્રીમતી ઇંદિરાદેવીનો એક ફોટોગ્રાફ મને બતાવ્યો. ઇંદિરાદેવી હાલ પોંડિચેરીમાં રહે છે, અને ભજનો સાંભળતાં જ તેમને સમાધિ આવી જાય છે. મીરાંબાઇનો આત્મા તેમનો રાહબર છે. અશરીરી આત્મા ઇંદિરાના હાથદ્વારા લખે છે અને તે ય એવી ભાષામાં, કે જે ભાષા એને આવડતી નથી. એ બતાવે છે કે ઇંદિરા ઊંચા પ્રકારની મીડિયમ (માધ્યમ) છે. સામાન્ય રીતે, મીડિયમ ને આવડતી હોય તે ભાષામાં જ ઓટોમેટિક લખાણ થાય છે, પરંતુ મીડિયમ પોતાને ન આવડતી

હોય તે ભાષામાં એ લખે તો લખાણ મીડિયમના અર્ધજાગ્રત મનની પેદાશ નથી એ આપોઆપ સિદ્ધ થાય છે.

એટલે ઇંદિરાદેવીદ્વારા આવતા સંદેશાઓ સાચા છે. આવા દાખલા વિરલ હોય છે, અને જે જડવાદીઓ મૃત્યુ પછીની જિંદગીમાં માનતા નથી તેમને વિચાર કરતા કરી મેલે તેવા આ બનાવો છે. મેં આ પહેલાં આવો કોઇ દાખલો જોયો નથી. તા. ક. સોહમ્ સ્વામીનો આત્મા મારો રાહબર (ગાઇડ) છે, સોહમ્ સ્વામીનું આ વિષે જે મંતવ્ય છે તે નીચે મુજબ છે.

ઇંદિરા વિષે સોહમ્ સ્વામી શું કહે છે?

સોહમ્ સ્વામી જાણીતા વેદાંતી હતા. તેમણે સોહમ્ ગીતા લખેલી છે. એમના પરલોકગત આત્માએ પાઠવેલો સંદેશો આ પ્રમાણે છે.

સરોજ, (સરોજ ચૌધરી) મેં ધ્યાનમાં જોયું તો આ બાઇ ભક્તિથી ભરપૂર છે. ગત જન્મોમાં એણે ઘણી સાધના કરેલી છે તેથી એનો જીવાત્મા વિકસિત છે. એ ઘણી વાર ભાવસમાધિમાં હોય છે, તે વખતે ઉચ્ચ લોકના અશરીરી આત્માઓ એની અંદર ઉતરીને એના હાથદ્વારા લખે છે. એના ગયા જન્મમાં મીરાં-બાઇની સાથે એનો ઘનિષ્ઠ સંબંધ હતો, તેથી મીરાંબાઇ આજે એની રાહબર છે, આજે એને સંભાળે છે.

સમાધિમાં એ ઘણીવાર મીડિયમ બની જાય છે. તે વખતે મીરાંબાઇ સંપૂર્ણપણે એનો કબજો લઇ લે છે, તેટલો વખત એનો પોતાનો આત્મા એનું શરીર છોડી, સૂક્ષ્મ લોકનીયે પેલી પાર ચાલી જાય છે. શરીરમાંથી મુક્ત થયેલા ઇંદિરાના આત્માને શરીર સાથે જોડનાર રૂપેરી તાંતણાનું મીરાંબાઇનો આત્મા રક્ષણ કરે છે,



તેથી ઇંદિરાનો આત્મા શરીરમાં હેમખેમ પાછો આવી શકે છે. ઇંદિરા આવી ભાવસમાધિમાં હોય છે ત્યારે એને મીરાંબાઇના સંદેશાઓ મળે છે.

આપણી આ દુનિયાથી પર, અને આપણી આ દુનિયા ઉપરાંત બીજી પણ દુનિયાઓ છે એ વાત માનવાની પશ્ચિમના માનસશાસ્ત્રીઓ ઘણીવાર ના પાડે છે, તેથી તેઓ મીડિયમના અર્ધજાગ્રત મનની અને બેવડા ત્રેવડા વ્યક્તિત્વની થિયરીને મારી મચડીને આવા ચમત્કારોનો ખુલાસો આપવા પ્રયત્ન કરે છે. પરંતુ આવા કેસોમાં એમના ખુલાસાઓ હમેશાં સાચા નથી હોતા. જનકકુમારી ભાવસમાધિ સુધી પહોંચી ચૂકી છે, એ સાધારણ સમાધિ નથી, પણ સીધી યોગના ગર્ભગૃહ સુધી લઇ જનારી એ અવસ્થા છે. એની અનુભૂતિ અતિ ઉચ્ચ પ્રકારની છે. શ્રી અરવિંદે એના પર પોતાની કૃપા વિસ્તારી છે, અને મીરાંબાઇદ્વારા એ આગળ લઇ જઇ રહ્યા છે. મીરાંબાઇ એ ઇંદિરાનો રાહબર આત્મા છે.

**ફરી પૃથ્વી પર પોતાનાં ભજન સંભળાવવાની મીરાંબાઇની યોજના હતી!**

ઇંદિરના ભજન વિષે હવે થોડુંક કહું. ૧૯૫૦ ના મે મહિનાની તેરમી તારીખે ઇંદિરાએ મીરાંબાઇને ભજન ગાતી સાંભળી. એ ભજનમાં ભક્તિ અને કાવ્યનું સુંદર સુભગ મિશ્રણ થયેલું હતું. તેથી હું (શ્રી દિલીપકુમાર રોય) તે ઘણીવાર ગાયા કરતો, પછી ધીરે ધીરે મને ભાન થવા માંડયું કે એ ભજનની છેલ્લી લીટીમાં તો ભવિષ્યવાણી ભાખેલી છે, એ આખુંય ભજન આ પ્રમાણે છે.

પૂજા કરને આઇ પૂજારિન હરિગુન ગાને આઇ હૂઁ,
મનમંદિર કે ખોલ દુઆરે, પિયા રિઝાને આઇ હૂઁ!
ચાંદસે ચંદન રૈનસે કજરા! ટીકા તારોંસે લાઇ,
કલીસે હંસના, નદીસે ચલના, પવનસે લી શીતલતાઇ!
હરિ ચરનન મેં માલા બાંહોંકી પહનાને આઇ હૂઁ!
હૃદય દીપમેં હરિ-પ્રેમકી જ્યોતિ જલાને આઉ હૂઁ।
ઉનકી મેરી પ્રીત પુરાની, જનમ મરનકે મીત પિયા,
પ્રભુ સાગર હૈં, તરંગ મૈં, સાજ હૂઁ મૈં, સંગીત પિયા,
તન મન અરપન કર પ્રીતમ, મૈં આજ સામને આઇ હૂઁ,
ફિર મીરાંકી પ્રેમકહાની સૂનો, સૂનાને આઇ હૂઁ!

મારે મન, આ ભજનની છેલ્લી લીટી મહત્ત્વની છે, એટલું જ નહિ, એમાં રહસ્ય પણ છે. કારણ, એના પરથી એમ ચોક્કસ સમજાય છે કે મીરાંબાઇની કોઇ યોજના હતી. મીરાંબાઇએ પોતાનાં પ્રેમ અને વિરહ, હર્ષ અને વ્યથા, શોક અને આનંદની ચિત્તાકર્ષક કથા ફરી આપણી આગળ ગાવાનો સંકલ્પ કર્યો હતો!

અને મીરાંબાઇએ પોતાનું એ વચન પાળ્યું છે. તેણે ઇંદિરાની આગળ આઠસોથીય વધારે ભજનો ગાયાં છે, અને હવે તો ઇંદિરા એ ભજનનો ઢાળ પણ બતાવી શકે છે, અને એણે મને એ બતાવ્યા છે. આમ ગુરુ હવે શિષ્યાનો શિષ્ય થયો છે. (શ્રી દિલીપકુમાર રોય પોતાને શિષ્ય અને પોતાની શિષ્યા ઇંદિરાને ગુરુ કહેવા માંગે છે. શ્રી ઇંદિરાદેવીની ધ્યાનાવસ્થામાં મીરાંબાઇ વિષે જે અનુભૂતિ થઇ છે, જે ભજનો ગાઇ સંભળાવ્યા છે તેનું વર્ણન અત્રે શ્રી દાદા દિલીપકુમાર કરી રહ્યા છે.)

હવે હું ઇંદિરાના પોતાના બે પત્રો ઉતારી આ પ્રકરણ પૂરું કરીશ.



## શ્રીદિલીપકુમાર રોય ઉપર યોગી અરવિંદના પત્રો

સેવોય હોટેલ, મસૂરી
૧૯૫૦, ઓગસ્ટ ૮.

દાદા,

મજાનો શાંત દિવસ છે. બધા દહેરાદૂન ગયાં છે, અને હું એકલી છું. આજે મહેમાનોની સરભરા પાછળ વખત બગાડવાનો નથી, એટલે મારો આખોય દિવસ ધ્યાન-પ્રાર્થનામાં જશે. કાલે રાત્રે મેં ફરી મીરાંબાઇના દર્શન કર્યા, દાદા! હું પ્રાર્થનામાં બેઠી હતી, ત્યાં અચાનક આખો કમરો ભૂરા પ્રકાશથી ઝળાંહળાં થઇ ગયો! પછી, મેં ઊંચે જોયું, તો મને એનાં દર્શન થયાં. એણે મારી સાથે ઘણા વખત સુધી વાતો કરી. હું કંઇ બોલી નહિ, પરંતુ કોઇક પ્રકારે મારું હૈયું એની સાથે વાત કરે છે, અને તેઓ એ સમજે છે. મીરાંનો એક એક સ્પર્શ અને એક એક દૃષ્ટિ કેવાં કોમળ અને મધુર હોય છે!! (એક વાત કહું, દાદા? મીરાંને અંગૂઠાના મૂળની બરાબર નીચે એક કાળો તલ છે. એના જમણા હાથની હથેળી પર!) એણે મારી સાથે ખૂબ હૃદયસ્પર્શી વાતો કરી.

મને કહે, 'લાખો વરસની આત્માની મુસાફરીમાં, તમે કોઇકને મળો છો, તમે એની સાથે થોડા વરસ રહો છો, અને દુનિયા કહે છે કે તમે બેઉ એકબીજાના છો. પરંતુ આવા તો હજારો જન્મો થાય છે, એટલે એવી એક જિંદગીમાં થયેલો એવો મેળાપ, એ ઘડી બે ઘડી કોઇને મળ્યા હોઇએ એના જેવો છે! આ દુનિયાનું બધું આવું છે. ટૂંકું ને ક્ષણિક! પણ સાચો પ્રેમ સનાતન છે, અચંચળ છે, અને એવો પ્રેમ ધરાવનાર આત્માઓનો સંબંધ કદી તૂટતો નથી. પાણીને વિવિધ રંગે રંગવાથી એ પાણી મટી જતું નથી. એવી જ રીતે, તે તમારા જુદા જુદા જન્મોમાં

તમારો બાહ્ય આકાર ભલે બદલો, પણ તમારો જે આંતરિક પ્રેમ તે તો તેવો ને તેવો જ રહે છે, તે કદી ક્ષીણ થતો નથી, અને એ બે આત્માઓ સાચેસાચ કદી જુદા પડતા નથી. કારણ, એ બધા એક જ પરમ લક્ષ્ય તરફ સાથે પ્રવાસ કરી રહેલા હોય છે. કોકવાર એવું બને કે એમાંનો એક ખોટે રસ્તે ચડી જાય, અને એને લીધે, એના અવળા ખેંચાણને લીધે, બીજાની પ્રગતિ પણ થોડો વખત અટકી પડે, પરંતુ જેઓ દૈવી પ્રવાહનાં મોજાં પર સવાર થયેલા છે તેમને માટે પાછા ફરવાનો તો પ્રશ્ન જ નથી! તેઓ જેમ આગળ વધે છે તેમ સમુદ્ર નજીક આવતો જાય છે, અને સમુદ્રને મળવા ધસતી નદીઓનો વેગ વધતો જાય છે. તું મને કેમ આટલી વહાલી છે તે હવે તને સમજાયું હશે, ઈંદિરા! મેં તને કહ્યું છે કે હું તને બધું સમજાવીશ. વખત જતાં તને બધું જ સમજાશે!'

અનેકાનેક પ્રણામ!

તમારી દીકરી ઈંદિરા.

* * *

સેવોય હોટેલ, મસૂરી
૧૯૫૦, ઓગસ્ટ ૮.

દાદા,

વહેલી સવારના હું આ લખું છું. પાંચેક કલાક ધ્યાનમાં બેઠા પછી હમણાં જ જાગી. ફરી પાછાં મીરાંબાઈનાં દર્શન થયાં, દાદા! દિવસે ને દિવસે મને એ વધારે ને વધારે વહાલી લાગે છે! વધારે ને વધારે અંતરંગ! કેવો સાચો એનો પ્રેમ. મારા અંતરની સાથે એકરાર! અને છતાંએ માન્યામાં ન આવે એવો નથી? આવો પવિત્ર આત્મા, સ્વપ્નમાં અને ધ્યાનમાં મને દર્શન આપે, અને જાણે મારી સાથે સાથે એનો પણ વિકાસ થતો હોય એવું લાગે. કેવી નવાઈની વાત! કહે છે કે લોકો મારી વાત નહિ જ માને! હું તો એ સાંભળી હસું છું! મેં તો એને જોઈ છે, અને હું એના પ્રેમમાં પડી ગઈ છું, એટલે મારી વાત સાંભળી ભલેને આખી દુનિયા હસે, મને એની પરવા નથી! ભલેને લોકો કહે કે આ ખાલી સ્વપ્નું છે! પરંતુ ખાલી સ્વપ્નું કદી કોઈને, દુનિયાની તમામ વાસ્તવિકતાઓ ભેગી થઈનેયે ન આપી શકે એવી શાંતિ અને સુખ આપી શકે છે, ખરું? દાદા, સદાને માટે હું તમારી કૃતજ્ઞ છું, કારણ તમારા આશીર્વાદના પ્રતાપે, તમારી સાધનાના પ્રતાપે મીરાંનાં મને દર્શન થયાં, અને મીરાંનો મને એવો પ્રેમ મળ્યો! અને એનો પ્રેમ તે કંઈ જેવી તેવી ચીજ છે? એવું બને કે તમેય એનાં દર્શન કરો! કેવી તો એ પ્રેમાળ છે! પરંતુ હું એનો પાર પામી શકી નથી, પેલે દિવસ મેં એને પૂછ્યું. 'પણ મને કહો તો ખરાં, તમે સાચેસાચ છો?' તેણે આશીર્વાદ રૂપે એનો હાથ મારા માથા પર મૂકી હસીને કહ્યું, 'પણ સાચેસાચ શું છે.' મેં કહ્યું કે તમે ખરેખર છો એ મારે જાણવું છે! ત્યારે તેણે ફરી હસીને કહ્યું 'પણ તું તને, ખરેખરી તને ઓળખે છે ખરી? તું તને પોતાને, તને જાણે છે ખરી?' તમે અહીં મસૂરી આવશોને દાદા, ત્યારે આ વિષે તમને વધારે કહીશ. પરંતુ એક વાત તો અહીં જ તમને ખાતરીપૂર્વક કહી શકું છું કે આખી દુનિયા મને છોડી દે તોપણ મીરાં મને કદી નહિ છોડે! અનેકાનેક પ્રણામ.

ઈંદિરા.

આ પછી તો અત્યાર સુધીમાં ઘણું ઘણું બની ગયું. મીરાંબાઈ અમારાં જીવનના અંતરંગ સાથે વણાઈ ગઈ છે. એક વખત એવો હતો, કે જ્યારે હું એના પ્રાગટ્યની વાત જાહેર કરતાં ખચકાતો

હતો. પરંતુ આજ છાપરે ચડીને એ વાતની જાહેરાત કર્યા વગર હું રહી શકતો નથી. દિવ્ય કૃપાનો ભૌતિકરૂપે નક્કર સંપર્ક થઇ શકે છે તેમ આધિભૌતિકરૂપે પણ થઇ શકે છે એ ચમત્કારિક સત્ય બધા જિજ્ઞાસુઓની જાણમાં લાવ્યા વિના મને ચેન પડતું નથી.

મને વિશ્વાસ છે કે એવો દિવસ જરૂર આવશે, જ્યારે આવાં ગૂઢ આધ્યાત્મિક સત્યોનો સાર્વત્રિક સ્વીકાર થશે. પરંતુ એ દિવસ જ્યારે આવે ત્યારે ખરો, આજે તો અમે આટલું ખાતરીપૂર્વક માનીએ છીએ કે મીરાંનાં આ દિવ્ય ભજનો અને એનો ઉપદેશ અશ્રદ્ધાળુઓની મશ્કરીઓને ભોંઠી પાડશે, અને આ પેઢીમાં જ મીરાંનાં પ્રાગટ્યનો સ્પર્શ અનુભવશે. અમે માનીએ છીએ કે ભગવાને જ મીરાંને અહીં મોકલી છે એટલે એની સેવા નિમિત્તે આ ગ્રંથના પરિશિષ્ટરૂપે મીરાંની વાણી આપવાનો મેં નિર્ણય કર્યો છે. એ વાણી ઇંદિરાએ રોજરોજના બનાવોની સચ્ચાઇપૂર્વક ઝીણવટથી નોંધ રાખે છે તેમાંની પસંદ કરીને લીધેલી છે.

('અનંતના યાત્રાઓ'માંથી)

(સંપૂર્ણ)



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એણે પૂછયું : 'મને ઈશ્વરે મોકલી આપી. તમે એક બીજું રામનો સેના સહિત સંહાર કરવાની બડાઇ હાંકો છો અને બીજી બાજુ આવી રીતે કાયર બનીને એક નિર્દોષ સ્ત્રીની કતલ કરવા તૈયાર થાવ છો તે તમને શરમ નથી આવતી? સીતાને આપેલા તમારા વચનનું પાલન તો કરો. હજુ તો તમારી આપેલી અવધિ પ્રમાણે પૂરો મહિનો પણ નથી થયો, એવી રીતે વચનભંગ થઇને એના પર તલવાર ઉગામવાની તૈયારી કરો છો તે તમને શોભે છે? તમારા બાહુબળનો તમને ગર્વ હોય અને એનો પરચો બતાવવાની ઈચ્છા હોય તો યુદ્ધમેદાનમાં રામ, લક્ષ્મણ અને સુગ્રીવ જેવા શૂરવીરને બતાવજો સીતા જેવી સ્ત્રીને શું બતાવો છો?'

ત્રિજટા ધીરે રહીને બોલી : 'સીતા જેવી સતી સ્ત્રીનો વધ કરવામાં જરા પણ બુદ્ધિમાની નથી લાગતી. એનો વધ કરીને તો તમે કાયમનો અપયશ વહોરી લેશો ને પાપના ભાગી થશો.'

'પુલસ્ત્ય મુનિના કુળમાં જન્મીને તથા પંડિત થઇને આવું અધમ કામ કરતાં તમારું હૃદય પાછું નથી પડતું?'

'એને હૃદય જેવું કાંઇ છે જ નહિ' સીતા બોલી : 'પછી એના પાછા પડવાનો પ્રશ્ન જ ક્યાં પેદા થાય છે? રામના પરાક્રમની વાત સાંભળીને એની હિંમત તૂટી ગઇ લાગે છે. એમની સાથે લડીને એ પોતાના વીરતાનું પ્રદર્શન કરવા માંગે છે.'

રાવણ બોલ્યો : 'રામના પરાક્રમથી મારી હિંમત તૂટી નથી ગઇ. એ એવી ને એવી જ છે. અને મારી વીરતા કેવી અદ્‌ભુત છે તે પણ હું રણમેદાનમાં રામને મારીને બતાવી આપીશ.'

એવું કહીને તલવારને મ્યાન કરીને રાવણ ચાલી નીકળ્યો.

એના ગયા પછી સીતા ભાવવિભોર બનીને રડી પડી ને મંદોદરીને સંબોધીને બોલી : 'આજે તું ન હોત તો કદાચ મારો નાશ થઇ જાત.'

'હું તો માત્ર નિમિત્ત છું.' મંદોદરી બોલી : 'બાકી સાચું કહું તો રામ પ્રત્યેના તારા પવિત્ર પ્રેમે જ તને બચાવી છે. એ પ્રેમ જ તારી રક્ષા કરી રહ્યો છે. એથી વધારે સાચો સંરક્ષક બીજો કોઇ જ નથી. એ જ તારી રક્ષા કરશે અને તને રામનો સુખદ સહવાસ તેમ જ શાંતિ ધરશે. પવિત્ર પ્રેમની પ્રખર શક્તિને જાણું છું માટે જ એવું કહી રહી છું. હવે તો તારી મુક્તિનો મંગલમય કાળ તદ્દન પાસે છે. વિરહની વ્યથામાં જેટલો વીતાવ્યો છે તેટલો વખત નથી વીતાવવાનો. તને કદાચ ખબર નહિ હોય પણ યુદ્ધમાં મેઘનાદ, કુંભકર્ણ તથા બીજા મહાબળવાન પ્રતાપી યોદ્ધાઓનો નાશ થયો છે અને હવે લંકાપતિ જ બાકી રહ્યા છે. એટલે જ એમણે તારા પર રોષ ઠાલવી બતાવ્યો. પરંતુ એથી શું વળે?'

'ત્રિજટા મને યુદ્ધના સઘળા સમાચાર કહી બતાવે છે. એ મારા પર માતા જેવો જ સ્નેહ રાખે છે. એની મમતા મને મારી માતાની યાદ આપે છે.

'બસ ત્યારે, હવે તું એક પણ આંસુ ન સારતી કે એક પણ નિસાસો ન નાંખતી. તારાં આંસુ, તારા નિસાસા અને તારી વ્યથા જોઇને મારું દિલ દુ:ખી થાય છે ને વલોવાઇ જાય છે. આંસુ



સારવાને બદલે તું કરે છે તેમ અંતરના ઊંડાણમાંથી પ્રાર્થના કરતી રહે. એ જરૂર સફળ થશે.'

સીતા મંદોદરી તરફ નેહભરી મીઠી નજરે જોઇ રહી ને પછી ગદ્‌ગદ્ સ્વરે બોલી :

'મંદોદરી, તારા પવિત્ર પ્રબળ પ્રેમને ને તારી મારે માટેની મીઠી લાગણીને આ જન્મમાં તો શું પરંતુ જન્મોજન્મ સુધી નહિ ભૂલી શકું. જન્મોજન્મ સુધી તારા ઉપકારમાંથી નહિ છૂટી શકું.'

'પાછી મારા ઉપકારની વાત યાદ કરી? મને એ વાતનો એવો ઉલ્લેખ જરા પણ સારો નથી લાગતો. ઉપકાર તો અમારી, લંકાની પ્રજાની, તથા સમસ્ત સંસારની આગળ પ્રતિકૂળતાની વચ્ચે પણ અખંડ રહેનારા પવિત્ર પ્રેમનું દૃષ્ટાંત રજૂ કરીને તેં કર્યો છે. તેં અમને પ્રેરણા ધરી છે, અને પાશવી બળની સામે આત્મબળના વિજયમાં અમારી શ્રદ્ધા દૃઢ કરી છે. અશોકવાટિકામાં રચાયેલો આ ઈતિહાસ માનવજાતિના ઈતિહાસમાં અમર રહેવા સરજાયેલો છે એમાં મને શંકા નથી.'

'અને તારો ઈતિહાસ? તારો ગૌરવ ભર્યો ઈતિહાસ પણ અમર રહેશે. લંકાનો નાશ થવા છતાં એનો નાશ નહિ થઇ શકે. બીજાના જીવનમાં એ પ્રકાશ ધરશે, અત્યારે તો એને આ અશોકવાટિકા, મારું હૃદય તથા લંકાની વ્યક્તિઓ જ જાણે છે, પરંતુ કોઇક કવિ કે કથાકાર એનું આલેખન કરશે ત્યારે એ સર્વોપયોગી બનશે ને લોકોને ખાતરી થશે કે મંદોદરીનો આત્મા પણ ઓછો અસાધારણ અથવા ઓછો અલૌકિક ન હતો.'

મંદોદરી કાંઇ ન બોલી.

## રાવણનું મૃત્યુ

બીજે દિવસે યુદ્ધમેદાનમાં જતાં પહેલાં રાવણ મંદોદરી પાસે આવ્યો ને બોલ્યો : 'હું તારા આશીર્વાદની અપક્ષા રાખું છું.'

'શેને માટે?'

'રામ સાથેના યુદ્ધમાં જીતી શકું એ માટે.'

'એને માટે?'

'હા. તારો આશીર્વાદ હશે તો હું અવશ્ય સફળ થઇશ.'

'એવો આશીર્વાદ મારાથી નહિ આપી શકાય' મંદોદરીએ જણાવ્યું : 'યુદ્ધમાં તમે હારો એવું નથી ઇચ્છતી, પરંતુ જીતો એવો આશીર્વાદ પણ કેમ આપી શકાય? મને તો લાગે છે કે તમે નહિ જીતી શકો.'

'કારણ?'

'કારણ તમે પોતે જ પંડિત હોવાથી ક્યાં નથી સમજી શકતા? સીતાનું હરણ કરવાથી તમારી શક્તિ વધી નથી પરંતુ ઘટી છે. નહિ તો તમે અજેય હતા. જંગમાં કોણ જીતી શકે છે? જેના પક્ષે નીતિ હોય, સદ્‌બુદ્ધિરૂપી સહચરી અને સદાચારરૂપી સેવક હોય જે દયા, ક્ષમા, મૈત્રીભાવ, નમ્રતા, નિર્ભયતા, નિષ્કપટતા તથા સર્વહિતની ઉત્તમ ભાવનાથી ભરપૂર હોય : સદ્‌ગુણ, સદ્‌વિચાર તથા સંયમરૂપી જેના મંત્રી અને શૌર્ય તેમ જ ધૃતિરૂપી સેનાપતિ હોય : તેને જ વિજય વરી શકે છે. જીવનના જંગમાં અને રણમેદાનમાં એ જ જીતી શકે છે. મહાપુરુષોએ કહ્યું છે કે સત્ય જ જીતે છે, અસત્ય નથી જીતતું. રામની પાસે એ બધું છે એ તમે નથી જાણતા? હજુ પણ તમે એમનું સાચા દિલથી શરણ લો.



તમારું મૃત્યુ થતાં મારું શું થશે એનો વિચાર કરીને યુદ્ધનો અમંગલ માર્ગ મૂકી દો.'

રાવણે ગંભીરતાપૂર્વક કહ્યું : 'મંદોદરી, તારી બુદ્ધિ માટે મને માન છે. તારી ભાવનાની કદર કરું છું. તારા જેવું સ્ત્રીરત્ન મને પ્રાપ્ત થયું છે તે માટે ગૌરવ જ નહિ, ધન્યતા અનુભવું છું. પણ હવે યુદ્ધમાંથી પાછો નહિ વળું. જાણું છું કે મેં ભારે ભૂલ કરી છે. સીતાને ભયંકર અન્યાય કર્યો છે. છતાં પણ હવે તો જે યુદ્ધ શરૂ થયું છે તેને પૂરું જ કરું.'

'તમે જેને ભૂલ સમજો છો તેને સુધારી કેમ નથી લેતા?' મંદોદરીથી પૂછયાવિના ન રહેવાયું.

'એને સુધારવાની વૃત્તિ નથી થતી. હવે તો મારીશ કે પછી મરીશ. તને મેં મારા વર્તનથી દુઃખી કરી તેને માટે તારી માફી માગું છું.'

મંદોદરીની આંખ ભરાઇ ગઇ.

આંસુ લૂછી એ બોલી : 'મારી માફી માગીને મને શરમમાં ન નાંખો. માફી મારી પોતાની કોઇ ભૂલ થઇ હોય તો હું તમારી માગું છું. પરંતુ તમે આ ભયંકર સર્વસંહારના માર્ગથી પાછા વળો.'

'નહિ વળું. મારું મૃત્યુ આવવાનું જ હોય તો ભલે આવે. જીવતો આવીશ તો તને મળીશ, નહિ તો મારી પાછળ શોક ન કરતી, આંસુ ન સારતી, કે નાહિંમત ના બનતી.'

'એ તો કેમ બને? તમારા પર મને પ્રેમ છે અને તમારા વિના મારું જીવન અંધકારમય બની જશે.'

મંદોદરી, તેં મારા પ્રત્યે સદાને માટે પ્રેમ રાખ્યો છે એ તારી મહાનતા છે. મારા જીવનમાં એટલી શાંતિ અને એટલો સંતોષ છે. આખું જગત કદાચ મને ખરાબ કહેશે ને ધિક્કારશે પણ મને ખાતરી છે કે તું મને ખરાબ નહિ કહે ને નહિ ધિક્કારે. મેં સીતાનું હરણ કર્યું છે પણ કોઇ પણ જાતના કારણ વગર નથી કર્યું એ તો તું પણ સ્વીકારીશ. સીતાનું હરણ કરીને મેં એને અશોક-વાટિકામાં રાખી છે અને અત્યારે એ અશક્ત અને એકલી છે તોપણ મેં એને ભ્રષ્ટ કરવાનો કે સ્પર્શ કરવાનો પ્રયત્ન નથી કર્યો. હું કામાંધ અથવા વ્યભિચારી જ હોત તો શાપનો કે કશાનો વિચાર વચ્ચે લાવ્યાવિના મારી લાલસા પૂરી કરત, પરંતુ મારામાં થોડો ઘણો વિવેક તો છે જ હા, કોઈવાર હું ક્રોધને વશ થઇ જાઉં છું ખરો, પરંતુ એનો અર્થ એવો તો નથી જ કે 'હું તદ્દન ખરાબ છું ને મારામાં કશું સારું છે જ નહિ.'

'તમારામાં જે સારું છે તેને દૃઢ કરીને સીતાનો ત્યાગ કરી દો.'

'એ હવે નહિ બને. હવે તો યુદ્ધ જ કરીશ.'

રાવણ વારંવાર સમજાવવા છતાં માન્યો જ નહિ, ત્યારે મંદોદરી નિરૂપાય બનીને બેસી રહી.

રાવણ યુદ્ધ માટે ચાલી નીકળ્યો ત્યારે અનેક પ્રકારના અપશુકન થવા લાગ્યા.

મંદોદરીનું જમણું અંગ ફરકવા લાગ્યું, ને શિયાળ તથા કૂતરાં રડવા માંડયાં.

એ દિવસે રાવણે ભારે વીરતાપૂર્વક યુદ્ધ કર્યું, અને અનેક વાનર વીરોને ધરાશાયી કરી દીધા. (ક્રમશઃ)

## * સિદ્ધ થયા પછી પણ સાધના ચાલુ જ રહે– માત્ર ધ્યેય બદલાય *

સાધના સ્વભાવ થઇ જવો જોઇએ. સાધક પ્રથમ આરંભમાં જ્યારે સાધકાવસ્થામાં હોય ત્યારે શાંતિને માટે, પરમાત્માની કૃપાની પ્રાપ્તિને માટે સાધના કરવામાં આવે, પરંતુ જ્યારે સાધકાવસ્થાને અતિક્રમીને સાધક પરમાત્માની પરમકૃપાને પામીને સિદ્ધાવસ્થામાં પ્રવેશે, એ પછી પણ સાધના તો ચાલુ જ રહે. માત્ર સાધનાનું ધ્યેય બદલાઇ જાય. આરંભમાં સાધનાનું ધ્યેય જે પરમાત્માના સાક્ષાત્કારનું હતું, એને બદલે સાધના સ્વભાવ થઇ જવાથી, સ્વાભાવિક પ્રક્રિયા બની જવાથી, હવે સાધના વિશ્વકલ્યાણને માટે, વિશ્વની શાંતિ અથવા બીજાની શાંતિને માટે કરવામાં આવે છે, કારણ કે સાધક જો સાધનાનો આધાર ના લે તો પછી બીજું કરે પણ શું? જીવન તો હજુ પણ ઘણું છે અને જે જીવનની શેષ ક્ષણો બાકી છે, તે ક્ષણોનો સદુપયોગ તો કરવાનો જ છે. તો સાધક પોતાના મનને પર-માત્માના ચિંતન–મનનની પ્રક્રિયા સિવાય બીજે ક્યાંય લઇ જઇ શકતો જ નથી.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * આ દેશની આજની સમસ્યા *

એક જ સરખા માણસો–ઊંચી કક્ષાના, બધા આદર્શ, સાત્ત્વિકતાથી ભરેલા, પરમાત્માના પ્રેમથી રંગાએલા એવા માણસો જોઈએ છે. અલિપ્ત, અસંગતાપૂર્વક જીવન વ્યાપન કરનારા, જેમને પ્રાકૃતિક રૂપરંગો અને આકર્ષણોની અસર થાય જ નહીં. જેમને નાનાં કે મોટાં કોઈ પણ પ્રકારનાં પ્રલોભનો પ્રભાવિત કરી શકે જ નહીં. આપણા દેશમાં આવા માણસો જોઈએ છે. આવા માણસોનો વિસ્તાર જેમ જેમ વધતો ચાલશે તેમ તેમ દેશ વધારે ને વધારે સુખી થતો જશે. જે દેશમાં સારા, માનવતાથી મંડિત મનુષ્યો ન થતા હોય, જે દેશમાં બીજાને માટે જીવનારા મનુષ્યો ન થતા હોય, સ્વાર્થરહિત નિઃસ્વાર્થ સેવા કરનારા મનુષ્યો જે દેશમાં અધિકાધિક સંખ્યામાં પેદા ન થતા હોય, તે દેશની પાસે ગમે તેટલી મોટી સંસ્કૃતિ હોય, એનાં શાસ્ત્રો ગમે તેટલાં પ્રાણવાન હોય, છતાં પણ એ દેશ કાયમ માટે આગળ વધી શકતો નથી. પ્રાણવાન બની શકતો નથી. હિન્દુસ્તાનનો રોગ અત્યારે આ છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.